દુ:ખપર ડામ, પડયા પર પાટુ When sorrows come, they come not in single spies but in battalions.

દુ:ખતી આંખે ઓકો વાગ્યો. See દુ:ખપર ડામ ઇ૦ or દુકાળનું વર્ષ ઇ૦ [the dangers of the seas?

દુખ તેને વેણ Oh! have you ever thought upon

દુ:ખે દાઝયો તે છાશ પણ ફુંકી ફુંકીને પીએ. He that is stung a serpent is afraid of a rope.

દુનીઆ દોરંગી છે. The world is shifting from side to side. [will flap out your eyes.

દુધ પાઇને ઉછેરવો સાપ. Bread up a cow and he

દેખવું ને દાઝવું. What the eyes views not, the heart rues not. Out of sight, out of mind.

દેખનેમે ઠગુ ઓાર ચલનમે સિવરાઇ. Oxford knives and London wives

દેવ તેવી પુજા. Like saint, like offering.

દોરડી બળે પણ વળ ન જાય. What is bread in the bone, will never come out of the flesh.

ધ

ધ, મૂળાક્ષરનો ત્રીસમો અક્ષર The thirtieth letter of the Alphabet. [attention; mind.

ધક, *n.* તરસ Thirst. 2 આતુરતા ardour. 3 ધ્યાન

ધકધકવું, *v.* Palpitate; to beat.

ધકધક, *n.* To palpitation; beating.

ધકેલવું, *v.* To push on.

ધક્કાધક્કી, *n.* Pushing; a scuffle.

ધક્કાધુક્કી *n.* Pushing and pommeling; shoving and cuffing.

ધક્કો, *n.* હડસેલો A push; a shock. 2 આફત

stroke of misfortune; a loss. 3 ફેરો a call; a going to.

ધખવું, *v.* To get into a passion; to be vexed.

ધગડું, *n.* A peon. [burning.

ધગધગતું, *a.* ચળકતું Glowing. 2 સળગતું blazing

ધગધગવું, *v.* સળગવું To glow fiercely. ગરમ થવું to be hot. 3 ફફડવું ધડકવું to palpitate.

ધગતી, *n.* ashes.

ધગા, *n.* Heat.

ધગારી, *n.* A slight fever.

ધગાવવું, *v.* To warm; to heat.

ધચુપચુ, *n.* Hesitation; indetermination.

ધજ, *a.* Elegant; fine.

ધજા, *n.* A flag; an ensign; a banner.

ધડ, *n.* ડોકા વગરનુંશરીર A headless trunk: a body distinct from the head. 2 *ad.* એકદમ [right forward.

ધડદહાડેથી, ધડપરથમથી, ધડમૂળથી, *a.* શરૂઆતથી From the begining; from the very first.

ધડકણ, *a.* Timid.

ધડકવું, *v.* See ધડધડવું.

ધડધડવું, *v.* To beat high. [sound.

ધડધડાટ, *n.* A loud thundering or roaring

ધડપુંછડું, *n.* A head and a tail. 2 બેવકુબી foolishness.

ધડાકો, *n.* An explosion: a crash. [ishness.

ધડાધડી, *n.* A strong fight: loud consecutive sounds; smartness in working.

ધડુકવું, *v.* To thunder.

ધડો, *n.* કાંટાનો સરખો ભાર A weight put into

the opposite scale to make it equal to that of the other. 2 નાના વજનથી એક મોટું વજન કરવું તે a large weight made up by counterbalancing againsts small weights. 3 નિયમ consistency. 4 પાઠ a lesson. 4 નિશ્ચયપણું determination; firmness. 6 સત્તા weight; influence.

ધડો કરવો, v. To counterpoise a balance.

ધણ, n. A herd of cows.

ધણધણવું, a. To burn fiercely.

ધણધણાવવું v. ધમકાવવું To chide. 2 જોશમાં કામ કરવું to be smart in work. 3 ધણધણે તેમ કરવું to burn fiercely.

ધણિયાણી, n. વહુ A wife. 2 શેઠાણી a mistress.

ધણીયાતું, a. Having an owner.

ધણી, n. વર A husband. 2 માલીક an owner. 3 ઉપરી a master.

ધણીજોગ, a. Payable to the person who purchases.

ધણીધણિયાણી, n. વરવહુ Husband and wife. 2 શેઠ શેઠાણી master and mistress.

ધણીધોરી, n. Helper; succourer.

ધણીપણું, n. Ownership; mastership.

ધત, int. Push! psha!

ધંતરમંતર, n. Jugglery.

ધતિંગ, n. તોફાન Clamour. 2 ઢોંગ sham; pretence.

ધતુરો—ધંતુરો. n. The thorn-apple; *Dhatura.*

ધંધ, n. Battle; war.

ધંધાદાર, n. That has business; a trades man. 2 a workman.

ધંધાદારી, n. Trader; a trademan. 2 profes-

sional.

ધધુડો, n. A cascade.

ધંધો, n. Trade; business. 2 Industry.

ધંધો કરવો, v. To trade.

ધંધો રોજગાર, n. Employment. [timidate.

ધધડાવવું, v. To frighten; to threaten; to in-

ધધણાવવું, v. See ધણધણાવવું.

ધન, n. દોલત Riches; wealth. 2 માલમીલકત property. 3 નવમી રાશિ the sign *sagittarius.* 4 *a.* સુખી blessed; happy. 5 *int.* વાહવા ! bravo; capital; well done ! 6 ભંડાર treasure. 7 ધન્ય, શાબાસ Applause.

ધનકો નામ, n. Money-lender.

ધનગર, n. A shepherd.

ધનતર, a. Rich.

ધનત્રયોદશી, n. The thirteenth day of the waning moon in *Asho*, when the shroffs worship money.

ધન તેરસ, n. The thirteenth of Asho Vad—on this day people worship money.

ધન દોલત-ધાન્ય, n. Wealth. [worship.

ધનપુજા, n. Worship of money; mammon

ધનમદ, n. intoxication of money.

ધનરાશી, n. The sign *sagittarius.*

ધનરેખા, n. Line of wealth in palm of hand.

ધન લોભ, n. Avarice.

ધન લોભી, a. Avaricious; covetous.

ધનવંત-વાન, a. Wealthy; rich.[God;esculapius.

ધન્વંતરિ, n. A name of *Shiva*; the phycisian of

ધનવત્, *a.* Rich; wealthy.
ધન્ય, *a.* Well done.
ધન્યભાગ્ય, *n.* Good chance, fortune.
ધન્વી, *n.* Bowman.
ધન લોભી, *a.* Avaricious; covetous.
ધનવંત-વાન, *a.* Wealthy; rich.
ધનસંપત્તિ, *n.* Accumulation of wealth.
ધનહીન, *a.* Penniless poor.
ધનાઢ્ય, *a* See ધનવંત
ધનાધિપતિ, *a.* Rich; wealthy.
ધનાધિકારી, *n.* A treasury.
ધનાંધ, *a.* Blinded by riches.
ધનાધ્યક્ષ, *n.* A treasurer.
ધનાશા, *n.* Avarice.
ધનાશ્રી, *n.* A mode of music.
ધનિક, *n.* A lender. 2 શ્રીમંત rich.
ધનિષ્ઠા, *n.* The 24th star.
ધની, *a.* See ધનવંત.
ધનીક, *n.* A lender; a mortgage.
ધનુ, *n.* A bow.
ધનુર, *n.* A kind of deliria.
ધનુર્ધારી, *n.* An archer.
ધનુર્માસ, *n.* The month during which the sun [is in sagittarius.
ધનુર્વિદ્યા, *n.* Archery.
ધનુષ-ષ્ય, *n.* A bow; a rain-bow.
ધનુષ્યધારી, *n.* A bowman.
ધનેતર, *a.* Excellent.
ધનેશ્વર, *a.* Rich.
ધપકરીને, *ad.* Plump with a sudden fall; [whop.

ધપકારો–ભકેરો, n. A shock; the sound of the fall of heavy bodies.

ધપકો, n. A blow on the back.

ધપાધપ, ad. The sound of blows with the hand.

ધપાધપી,
ધપાબાજ,
ધબ્બાધબ્બા,
ધબ્બા બાજ, } n. Interchange of slaps and cuffs.

ધાપો,
ધબ્બો, } n. A slap or smack on the head.

ધબ, ad. The sound of sudden rising up and walking.

ધબકવી, v. To heave.

ધબધબ, n. A sudden sound in walking.

ધબકવું, v. To be started.

ધબવું–બી જવું, v. પડવું, To fall. 2 દેવાળું કહાડવું to be insolvent. 3 મરી જવું to dio.

ધબોડવું, v. To beat with hands.

ધબ્બલ, a. Stupid; doltish.

ધમક, n. Spirit; courage.

ધમકાવવું, v. To scold; to threaten.

ધમકી, n. બીહીક A threat: a menace. 2 ઠપકો a reproach; a repremand.

ધમચાવવું, v. To chide: to threaten.

ધમકો, n. A thumb: a blow on the back.

ધમણ. n. Bellows; the hood (of a carriage).

ધમણું, v. To bellow.

ધમધમવું, v. To sound very loudly.

ધમધમાવવું, v. To threaten.

ધમધોકારે, a. Smartly; brisklv.

ધમની *n.* An artery; a small tribe.
ધમની છેદન, *n.* Arteriotomy.
ધમની વર્ણન, *n.* Arteriography.
ધમવું *v.* See ધમણવું.
ધમાચકડી, *n.* A clamour; an uproar.
ધમાધમી, *n.* Struggling.
ધમારવું, *v.* To have the animals bathed.
ધમાલ, *n.* A great gentleman. [*Alhagi.*
ધમાસો, *n.* A prickly plant; *Hedy--sarum*
ધમોર, *n.* A cow with long ears.
ધર, *a.* That holds or keeps.
ધર, *n.* બેનો સંકેત The enigma for two. 2 બળદની ઉમ્મર the age of a bullock. 4 જુંસરી
ધર, *ad.* પેહેલેથી From the beginning. [the yoke.
ધરકેતરૂ, *n.* Rice plant.
ધરણ, *n.* A dam; a girder.
ધરણી, *n.* પૃથ્વિ The earth. 2 જમીન the soil. 3 રીતભાત, manner; style.
ધરણીધર, *n.* જમીનદાર A land-holder. 2 રાજા a king. 3 શેષનાગ *Shesh Nag.* 4 વિષ્ણુ the
ધરણી કંપ, *n.* An earth quake. [god *Vishnoo.*
ધર્તા, *n.* Assumer.
ધરતી, *n.* પૃથ્વિ The earth. 2 જમીન the soil.
ધરતીકંપ-પારો, *n.* An earth quake.
ધરપકડ, *n.* Catching and seizing.
ધરપકડીઓ, *n.* See ધરપચખોર.
ધરપડી, *a.* Twelve; 12. [less uproar.
ધરપચ-ત, *n.* Furious but vain and meaning-
ધરપચખોર, *n.* A blusterer; a bully.

ધરમ-ર્મ, *n.* પંથ Sectariasm. 2 ફરજ duty. 3 જે ઈ-શ્વને ભજે તે પંથ religion.

ધરમ કરતાં કરમ નડે, To bring troubles and evils upon one's self in striving to do good to others.

ધરમ ફરી વળવો, *v.* To be rewarded by God as a necessary consequence of one's virtuous action. [is given in alms.

ધરમની ગાયને દાંત ન હોય, Be content in what

ધરમધક્કો, *n.* An unprofitable going to.

ધરવું, *v.* To hold; to keep; to retain; to offer.

ધરા, *n.* The earth.

ધરાઈજવું-વું, *v.* To be satisfied.

ધરાધર, *n.* The *Shesh Nag.* [much loaded.

ધરાર, *ad.* Of course; certainly. 2 *n.* the cart

ધરાવવું, *v.* ઓશીઆળા થવું To be under obligations. 2 પકડાવવું to get held. 3 નૈવેદ કરવું to make offerings. [આધાર support.

ધરી, *n.* આંસ The axis, the axle of a wheel.

ધર્મ, *n.* See ધરમ.

ધર્મકર્તા, *n.* One who gives in charity.

ધર્મકામ, *n.* Charitable acts.

ધર્મકાર્ય, } *n.* See ધર્મકામ.
ધર્મકૃત્ય, }

ધર્મક્રિયા, *n.* Any religious observance. [stitution.

ધર્મખાતું, *n.* Charitable establishment or in-

ધર્મગુરૂ, *n.* A spiritual guide; a preacher.

ધર્મદાન, *n.* Charity; alms-giving.

ધર્મધક્કો, *n.* See ધરમધક્કો.

ધર્મધુરંધર *n.* One who performs benevolent [acts.
ધર્મનિષ્ઠા, *n.* Piety.
ધર્મપત્નિ, *n.* A legal wife.
ધર્મ પત્રિકા, *n.* A deed of a charitable gift.
ધર્મપુત્ત-પુત્ર, *n.* An adopted son.
ધર્મપુરી, *n.* A charitable hall.
ધર્મપુસ્તક, *n.* Scriptures; secred writings.
ધર્મબંધુ-ભાઈ, A brother-religionist. [acts.
ધર્મબુદ્ધી, *n.* A tendency towards charitable
ધર્મમાર્ગ, *n.* The road of piety and virtue.
ધર્મયુદ્ધ, *n.* A religious war; fair and equitable battle.
ધર્મ-રાજા, The eldest amongst the *Pandavs.*
2 જમરાજા Yam: the regent of the dead; [the Indian pluto.
ધર્મવાન-વંત, *a.* See ધર્મી.
ધર્મવાસના, *n.* The virtuous desire.
ધર્મશાસ્ત્ર, *n.* The law of piety and religion.
ધર્મશાસ્ત્રજ્ઞ, *n.* Jurist.
ધર્મશાસ્ત્રી, *n.* Jurist consult.
ધર્મશાળા, *n.* An inn; a building for travel- [lers; a *Dharumshala.*
ધર્મશીળ, *a.* Virtuous.
ધર્મસભા, *n.* An ecclesiastical association.
ધર્મજ્ઞાન, *n.* Religious knowledge.
ધર્મની ગાય, *n.* A charity-cow.
ધર્મનો કાંટો, *n.* A balance of perfect accuracy.
ધર્માચરણ, *n.* Virtuous conduct.
ધર્માચાર્ય, *n.* A religious precepter; a priest.
ધર્માત્મા-નુ *a.* See ધર્મી. [rity.
ધર્માદા-દય, *a.* An alms or gift) given in cha-

ધર્માંધ, *a.* Absorbed in religion.
ધર્માધિકારી, *n.* A priest; a religious teacher.
ધર્માધ્યક્ષ, *n.* The head of the ecclesiastical tribunal.
ધર્માર્થે, *ad.* Charitably; in charity.
ધર્માભિષેક, *n.* Ceremonies according to *shastra.*
ધર્મારણ્ય, *n.* Holy place; an asylum of *Rushi.*
ધર્માઉં, *ad.* Gratis.
ધર્માસન, *n.* The throne of justice.
ધર્માળ, *a.* Benevolent; charitable.
ધર્મિષ્ટ-ર્મી, *a.* પરમાર્થ કરનાર Benevolent; charitable. 2 સદ્ગુણી virtuous. 3 આચાર વિચાર રાખનાર pious.
ધર્મોપદેશ, *n.* Religious instruction.
ધર્મોપદેશક, *n.* Religious instructor.
ધરમીપણું, *n.* Virtue; piety. 2 benevolence.
ધવ, *n.* પુષ્ટિ Strength. 2 લક્ષ્મી riches. 3 સ્વામી husband.
ધવડાવવું, *v.* To suckle.
ધવલ, *a.* White.
ધવાડવું *v.* See ધવડાવવું.
ધવડાવનારી, *n.* A wet-nurse.
ધવાડનારું, *n.* See ધવાડનારી.
ધસકો, *n.* A shock.
ધસવું, *v.* To force a passage through. 2 ખસી જવું to give way.
ધસારો, *n.* An attack; an assault; a run.
ધસાવડો, *n.* See ધસારો.
ધસી આવવું, *v.* To advance fast.
ધસી જવું, *v.* To give way.
ધા, *n.* બ્રહ્માનું નામ A name of Brahma. 2 પ્રકાર kind. 3 દોડ run.
ધાંધલ, *n.* Confusion; distraction; tumult.
ધાવ, *n.* સ્તન The breast of a woman. 2 આંચળ

a pap; a teat.
ધાક, n. Awe; dread.
ધાક દેખાડવો, v. To threaten; to snub.
ધાકધુક, n. Dread.
ધાક બેસાડવો, v. To threaten; to awe.
ધાંખડી, n. Imagination.
ધાગો, n. Thread.
ધાટી, n. Manner; way; style.
ધાડ, n. હુમલો A sudden attack. 2 લુટનારાની ટોળી
a gang of robbers. 3 ઉતાવળ, hurry; haste.
ધાડ પાડવી, v. To make depredation by rob-
ધાડાધાડ, n. Haste; hurry. [bers.
ધાડું, n. A gang of banditti; a crowd.
ધાણા, n. Coriander seed.
ધાણી, n. Parched grain. [a table; a list.
ધાત, n. વીર્ય *Semen virile*; gleet. 2 ધાતુ, કોઠક
ધાતકાર, a. Metallic.
ધાતકારજ, a. See ધાતકાર.
ધાત જવી, v. To get a gleet. [puberty.
ધાત ફુટવી, a. To get a gleet; to attain to
ધાતા, n. Brahma. [પદાર્થ a metal; a mineral.
ધાતુ, n. ક્રિયાપદનું મુળ The root of a verb. 2 ખનીજ
ધાતુજક, a. Metalliferous.
ધાતુનામ, n. A verbal name.
ધાતુ પરીક્ષક, n. A metallist.
ધાતુ પુષ્ટ, a. Nutritive; invigorent.
ધાતુ પોષણ, a. See ધાતુપુષ્ટ.
ધાતુરૂપ, n. A form of a verb.
ધાતુવર્ણન, n. Metallography.

ધાતુવિકાર, *n.* Cochexa under a continued gleet.
ધાતુવેત્તા, *n.* Mineralogist. [tinued geet.
ધાતુક્ષય, *n.* See ધાતુવિકાર. Cochexia under a con-
ધાતુપુષ્ટ-પોષણ, *a.* ધાતને પુષ્ટ કરે તેવું, Nutritive; invigorent.
ધાતુસાધિત નામ, *n.* A derivative noun.
ધાત્રી, *n.* A foster-mother.
ધાધર, *n.* Ring-worm.
ધાન-ન્ય. *n.* અનાજ Corn. 2 ડાંગર rice in husk.
ધાનચુંઉં, *a.* To struggle for corn.
ધાપ, *n.* An oversight; cheating; stealth.
ધાપ ખવાડવી, *v.* To cheat; to misrepresent.
ધાપ મારવી, *v.* આડું અવળું સમજાવવું To misrepresent. 2 ચોરવું to steal. 3 ગળત કરવું, to swallow. [rous; wild.
ધાબડધિંગું, *v.* લઠ Stout; strong. 2 ઉદ્ધત boiste-
ધાબડવું, *v.* To cheat; to take in.
ધાબળી, *n.* A blanket. [a blur.
ધાબું-બું, *n.* અગાસી, A terrace. 2 ડાઘો a blot. 3
ધામ, *n.* A dwelling; a house.
ધામણ, *n.* A species of coluber.
ધામણી, *n.* A strong she-buffalloe.
ધામધુમ, *n.* ગોંધાટ An uproar; a tumult. 2 દેખાવ a pomp; a show.
ધામા, *n.* A long and continuous stay.
ધામો નાખવો, *v.* To hault; to stay.
ધાર, *n.* કોર The edge. 2 પ્રવાહ a stream; a line of descending fluid.
ધારક, *a.* That holds or bears.

ધાર કરવી, *v.* પાણું કહાડવું To edge; to sharpen. 2 રેડવું to pour.

ધારણ, *n.* ધરવું તે Holding. 2 ધડો a weighing. 3 ઘરનો ટેકો a prop or support of a house

ધારણા, *n.* કલ્પના Fancy; conjecture. 2 વિચાર idea; opinion. 3 ઇરાદો intention. 4 યાદદાસ્ત memory; remembrance. 5 સબુરી patience.

ધારદાર, *a.* Edged; sharp-edged.

ધારવાળું, *a.* See ધારદાર.

ધાર્મિક, *n.* Virtuous.

ધાર્યું, *v.* Considered.

ધારવું, *v.* વિચારવું To think. 2 કલ્પવું to conjecture.

ધારાયલું, *a.* Satisfied.

ધારાળો, *n.* A cooly. 2 યોદ્ધા a warrior.

ધારવું, *v.* વિચારવું To think; to consider. અટકળ કરવી to guess; to conjecture. 3 પ્રકૃતિના નિયમ ઉપરથી માની લેવું to presume.

ધાષ્ટ, *a.* Undaunted; intrepid.

ધારિષ્ઠ, *n.* Fortitude.

ધારિષ્ટવાન, *a.* Courageous.

ધારી, *a.* That assumes.

ધારીદાર, *a.* Bordered.

ધારેલું, *a.* Wished for.

ધારો, *n.* કાયદો Law; regulation. 2 રીત custom; practice.

ધારો બાંધવો, *v.* To legislate.

ધાવ, *n.* A wet-nurse; a foster-mother.

ધાવણ, *n.* Mother's milk.

ધાવણ છુડાવવું, *v.* To wean.

ધાવણું, *a.* Suckling.

ધાવણ છોડાવવું, *v.* To wean (a child)
ધાવભાઈ, *n.* A foster-brother.
ધાવરું, *n*, A rheumatic affection.
ધાવવું, *v.* To suck.
ધાવું, *v.* To run.
ધાસ્કો-સ્તી, *n.* દેહેશત A dread; alarm. 2 ફાળકો [anxiety
ધિંગાણું, *n.* Quarrel; affray.
ધિંગામસ્તી, *n.* Violent bullying.
ધિક-ફ, *int.* છટ Fie; shame!
ધિક્કાર, *n.* Contempt; scorn.
ધિક્કારવું, *v.* To scorn; to disdain; to despise.
ધિક્કારવા જોગ, *a.* Hateful.
ધિક્કારાવસ્થા, *n.* Abasement.
ધિંગાણું કરવું, *v.* To romp.
ધિંગાણાખોર, *a.* Quarrelsome.
ધિંગુ, *a.* Huge; stout.
ધિટાઈ, *a.* Boldness; forwardness.
ધી, *n.* Intellect; understanding; wisdom.
ધીકવું, *v.* ઉનું રેહેવું, To be being heated.
ધીટ, *a.* બહાદુર Bold; daring.
ધીડી, *n.* A daughter.
ધીબવું, *v.* To beat.
ધીબાધીબ, *n.* See ધબાધબ.
ધીમર, *n.* A fishmonger.
ધીમું, *a.* Slow. 2 deliberate.
ધીમે-ધીમે, *ad.* Slowly; gradually.
ધીર, *n.* Forbearance; patience. 2 trust.
ધીરજ, *n.* Calmness; patience.
ધીરજ આપવી, *v.* To console; to soothe.

ધીરજ પકડવી-રાખવી, *v.* To be patient; to wait.
ધીરજવંત-વાન, *a.* Calm; patient.
ધીરધાર, *n.* Commercial dealings on credit.
ધીરવું, *v.* To lend; to advance.
ધીરે, *ad.* See ધીમે.
ધીરે સાંસતે, *ad.* Coolly ; calmly; deliberately.
ધીરૂં *a.* Slow; calm.
ધીરો, *a.* See ધીરૂં. 2 ટેકો a prop; support.
ધુંઆર-વાર, *a.* See ધુમર.
ધુંઇ,
ધુઓ,   } *n.* Smoke.
ધુવો,
ધુજતું, *a.* Tremulous.
ધુજરી, *n.* Tremor. [shiver.
ધુજવું, *v.* To quiver; to tremble; to shake; to
ધુજારી-રો, *n.* શરીર ધુજ્યા કરે તે Tremor; trembling. 2 કંપારી horror.
ધુજાવવું, *v.* ગભરાવવું To create horror. 3 ધુજે તેમ કરવું to make one tremble.
ધુંઢવું, *v.* To search for.
ધુણતું, *a.* Nodding.
ધુણવું, *v.* To shake; to nod.
ધુણાવવું, *v.* હલાવવું To shake. 2 ડોકી હલાવવી to nod. 3 તદબીરથી પૈસા કઢાવવા to fleece one of his money by some contrivance.
ધુણી *n.* The smokefire.
ધુતકારવું, *v.* To defy; to scorn.
ધુતવું, *v.* To cheat; to impose upon; to take in.
ધુતારો, *n.* A cheat; an imposter.

ધુતાવું, *v.* To be cheated; to be imposed upon
ધુંદ, *a.* Hazy. [sagittarius.
ધુકમાસ, *n.* The month in which the sun is in
ધુંધલું, *a.* Foggy.
ધુંધવાળું, *a.* Smoky.
ધુંધળકું, *n.* Morning twilight. 2 પરોઢીયું dawn.
ધુંધળું, *a.* ધુમર વરસે તેવું, Misty; foggy.
ધુંધળુ, *n.* See ધુંધળકું.
ધુંધું, *n.* The sound of drumpets.
ધુન-ધુંદ, *n.* ગરકાવ Absorption. 2 મગજ ઠેકાણે નહીં તેવી હાલત, absence of mind. 3 ખુમારી, infatuation.
ધુપકું, *n.* See ધુપેલ.
ધુપણું, *n.* Censer.
ધુપવું, *v.* To burn incense.
ધુપેલ, *v.* Scent oil.
ધુમ, ધુમધામ, ધુમધોકાર, *n.* See ધામધુમ.
ધુમર, ધુમસ, *n.* Fog.
ધુમસીલિં, *a.* Hazy.
ધુમવું, *v.* To below.
ધુમાડિયું, *n.* A chimney.
ધુમાડો, *n.* Smoke.
ધુમાતું, *a.* Smoking. 2 અળિયલ morose; sulky.
ધુમેર, *n.* Fog.
ધુમેરિયું, *a.* Foggy.
ધુરકટ, *n.* Haziness. [grand.
ધુરંધર, *a.* Proficient; prominent, 2 noble;

ધુરપત, *n.* Craftiness imposing contrivances.
ધુંવાડિયું, *n.* Chimney.
ધુંવાડો, *n.* Smoke.
ધુંશળ, *n.* A yoke.
ધુંસરી, *n.* A yoke.
ધુસ્કો, *n.* A sudden sheding of tears.
ધુળ *n.* Dust.
ધુળકોટ, *n.* A heap of dust
ધુળ ધાણી,*n.*Ruin; defeat; discomfiture;failure.
ધુળધોયો, *a.* ધુળ ધોનાર That seeks in dust. 2 ધુળવાળું, dusty; dirty.
ધુળાડો, *n.* See ધુળકોટ.
ધુળ મળવું--ળી જવું, *v.* To be utterly ruined.
ધુળ ફાકવી, *v.* To be destitute of the means of support.
ધુળમાંથી સોનું મળવું, *v.* To get a good wholly [unexpected.
ધુળનાખી, *ad.* Never mind; no matter.
ધુળપડી, *int.* Shame.
ધુળપર ઢેફું, *n.* Disgrace.
ધૂતવું, *v.* See ધુનવું.
ધૂતો, *n.* A cheat.
ધૂપ, *n.* (લોબાન) Frankincense,
ધૂપ, *n.* Fragrant substance burned. 2 sunshine.
ધૂપછતરી, *n.* An umbrella for sunshine.
ધૂપઘડી, *n.* A sun-dial.
ધૂપદાની, *n.* A censer.
ધૂપદીપ, *n.* (Waving of) incense and a lamp.
ધૂમ, *n.* Smoke. 2 *ad.* smartly.
ધૂમકેતુ, *n.* A comet.

ધૂમ્ર, *n.* Smoke.
ધૂમ્રપાન, *n.* Drinking of smoke.
ધૂમસ, *n.* See ધુમસ,.
ધૂર્ત, *a.* Shrewd; sharp. 2 લુચ્ચો crafty.
ધૂસો, *n.* A kind of coarse woollen cloth.
ધૂણ, *n.* See ધુણ,
ધેણુ-રાણી, *n.* A woman in her first pregnancy
ધેડ ગુજરાતી, *n.* Linguafranca. [ges.
ધેડગુજરી, *n.* A barbarous mixture of langua-
ધેડવાડો, *n.* See ઢેડવાડો,
ધેડશ, *n.* A plant bearing a small white gourd.
ધેડો, *n.* Sweeper.
ધેન--નું, *n.* A cow.
ધેણુ, *n.* A woman in her first pregnancy.
ધેનુક, *n.* A milch cow.
ધેય, *n.* Fit to gaze.
ધૈર્ય-તા, *n.* Patience; calmness; fortitude.
ધૈર્યવંત--વાન, *a.* Firm; patient; enduring.
ધોંડો, *n.* A stone.
ધોંસો, *n.* Anger.
ધો, *n.* A wash.
ધોકડું, *n.* A bale of cotton.
ધોકારાબંધ, *ad.* ઝડપથી ને જોશથી Dashingly. 2 ફતેહમંદીથી, splendidly; prosperously.
ધોકતી, *n.* A razor-case.
ધોકો-કડો, *n.* જાડી લાકડી A thick stick; a club. 2 નુકશાન a blow of evil fortune. 3 જોખમ danger; hazard. 4 પશ્ચાતાપ repentance. 5 આચકો A shock.

ધોખો, n. પશ્ચાતાપ Repentance. 2 દિલગીરી regret.
ધોણુ-વણ, n. Rice-water.
ધોત, n. A water-fall; a cascade; a cataract.
ધોતર, n. A digogy; a *Dhotar.*
ધોતાળ, a. Open handed; liberal.
ધોતાળપણું, n. Open handedness; liberality.
ધોતિયું, n. See ધોતર.
ધોધ--વો, n. See ધોત.
ધોધો, n. Dash of a water-full.
ધોબાં, n. Bricks.
ધોબી, n. A washerman.
ધોબીગ, n. A place for washing clothes.
ધોબો, a. A blockhead; a dunce. 2 પોસ ભરીને [handful.
ધોભણ, n. A washer woman.
ધોભટી, n. A razor-case.
ધોભિચારિયો, n. A wagtail.
ધોભી, n. See ધોબી.
ધોયલું, a. Washed.
ધોયું, v. Washed (Past T.)
ધોરણ, n. Standard. 2 આધાર support. 3 વલણ [tendency; bearing.
ધોરિંધર, n. See ધુરીંધર.
ધોરિયો, n. પાણી જવાની નીક A drain. 2 ગાડીનું લાંબુ લાકડું a shaft; a pole. [a bull.
ધોરિ, a. સરિયામ, Great; public; main. 2 આખલો
ધોરીનસ--રગ, n. An artery.
ધોરીરસ્તો--રાહ, n. A high way; a main road; a thorough fare; a trunk road.
ધોરો, n. A parapet wall.
ધોલ, n. See ઢોલ.

ધાલઝપટ, *n.* Thumping & rapping.
ધોલાઈ, *n.* See ધોવામણ.
ધોવડાવવું, *v.* To have washed.
ધોવાઈ જવું--વું, *v.* To be washed away.
ધોવામણ, } *n.* Washing fare.
ધોવણ,
ધોલાઈ, [clean.
ધોવું, *v.* મેલ કહાડવો To wash. 2 સાફ કરવું to
ધોળ, *n.* A kind of song.
ધોળવું, *v.* To white-wash; to be efficient.
ધોળાશ, *n.* Whiteness.
ધોળાશ પડતું, *a.* Whitish.
ધોળું, *a.* White.
ધોળે દીસે, *ad.* In broad day-light.
ધોળેલું, *a.* White-washed.
ધ્યાતા, *a.* That meditates; that reflects.
ધ્યાન, *n.* વિચાર Meditation; reflection. 2 ચિત mind. 3 ખંત, કાળજી attention; application. સ્મરણ 4 remembrance. 5 પસંદ પડવું તે liking; approvel. [ditative.
ધ્યાનવાળું-નો, *a.* Thoughtful; attentive; me-
ધ્યાસ, *n.* A close contemplation.
ધ્યેય, *a.* Worth contemplating.
ધ્રુજવવું, *v.* See ધ્રુજાવવું.
ધ્રુજવું, *v.* See ધ્રુજવું.
ધ્રુજાટ, *n.* See કંપારી.
ધ્રુપદ, *n.* A kind of song.
ધ્રુવ, *n.* ઉત્તર તરફનો તારો The polar star. 2 પૃથ્વિની આંસ the pole of the earth. 3 એ નામનો

ભક્ત the name of a devotee, *Dhruv.*
4 *a.* અચળ fixed. [shable position.
ધ્રુવપદ, *n.* The fixed position; the imperi-
ધ્રુવવૃત. *n.* A polar circle.
ધ્વંસ, *n.* Destruction: demolition.
ધ્વજ, *n.* A flag; an ensign; a banner.
ધ્વનિ, *n.* Sound.
ધણીને સુઝ્યું તે ઢાંકણીમાં ને પાડોસીને સુઝે તે આરશીમાં A gamester sees always more than a looker on. [in his mouth.
ધર્મની ગાયના દાંત જોવા? Look not a gift horse
ધરમ કરતાં કરમ નડે If you save a rogue from the gallows, he will rob you the next day.
ધણી વગરનાં ઢોર સુનાં The master's eye makes the horse thrive.
ધાપો મારવો ને વળી માફ માગવી! You break my head and bring me a plaster. [stores.
ધીરજ મોટી ચીજ છે Patience is a plaster for all
ધીરા સો ગંભીર–ઉતાવળા સો બાવરા They tumble down who run fast.
ધૂળ ધાણી ને વા પાણી Reduction to dust; wreck and ruin.
ધમ ધોલ ને માહે પોલ Great show, empty pockets. A large building, a low foundation. A great cry, little wool. Barking dog seldom bites.

ન

ન, એકત્રીશમો મૂળાક્ષર The thirty first letter of the Alphabet.

ન, *ad.* Not, nor; neither.

નકટું *a.* નાક વગરનું Nose-cut; noseless. 2 શરમ વનાનું shameless.

નકરામણુ શિકરામણુ, *n.* Payment made by way of damages by the drawer of a hundi in case of its being dishonoured.

નકરી—કરીઆ, *a.* Free of any tax.

નકરૂં, *a.* ભેળ વગરનું Pure; unmixed. 2 માત્ર mere.

નકલ, *n.* ઉતારો A copy; a transcript. 2 અસલ મુજબ ચિતાર imitation. 3 જોડી કહાડેલી વારતા a tale; a story.

નકલ કરવી, *v.* ઉતારો કરવો To copy. 2 અસલ મુજબ ચિતાર કરવો to imitate.

નકલખોર, નકલી, નકલીઆ, *n.* ઉતારો કરનાર A copyist. 2 અસલ રીતે ચાલનાર, an imitator. 3 મશ્કરો a mimic.

નકશી, *n.* Ornament; sculptured work.

નકસી, *n.* See નકશી.

નકશીદાર, *a.* Ornamented; carved; flowered.

નકસીદાર, *n.* See નકશીદાર.

નકશીગર, *n.* An engraver; a carver.

નકસીગર, *n.* See નકશીગર.

નકશો, *n.* A plan; a map; a sketch.

નકસો, *n.* See નકશો.

નકામું, *a.* ખાલી Unemployed; unapplied. 2 બીન

ઉપયોગમાં ad. usless; worthless. અમસ્તુ for nothing; in vain.

નકાર, n. Refusal; denial. [to refuse.

નકારવું, v. To dishonor (a draft); to decline;

નકારૂં, a. Bad; dirty; naughty.

નકારશે-સો n. See નકશો.

નકીબ, n. He who proclaims the titles, &c.

નકોર, n. A line.

નકૂચો, n. A loop; a staple.

નકૂલ, n. Mungoose.

નક્કોડો-કડો, v. Strict (fast). [solid; compact.

નક્કર, a. ભારે Weighty; hard. 2 પોલું નહીં તે,

નક્કલ, n. See નકલ.

નક્કી, a. ચોકસ Exact; definite. 2 ખાતરી ભરેલું certain; positive.

નક્કી કરવું, v. ચોકસ કરવું To ascertain. 2 ઠેરવવું to settle; to fix; to adjust. [tion.

નક્ષત્ર n. તારો A star. 2 તારામંડળ a constella-

નક્ષત્રી, a. *Kshataryless.*

નખ, n. A nail. 2 પંજો a claw.

નક્ર, n. An alligator.

નખ જેટલું, a. Insignificant; very small.

નખ તેલ, n. Turpentine oil.

નૈખચંદ્ર, n. The moon of the nails.

નખછર, n. An agnail.

નખડિયું, n. Laceration.

નખદાર, a. Having claws.

નખભર, n. Nailful.

નખરાં, n. Coquettry; blandishment.

નખરાંબાજ, *a.* Coquettish; airy.
નખરાંદાર, *a.* Airy: coquettish.
નખરાંબાજી, *n.* Coquetry.
નખરી, *n.* A coquette.
નખરૂક, *n.* See નખછર.
નખરૂડો, *n.* See નખરૂક.
નખલો, *n.* An ornament put upon the fore-[head.
નખશીખ, *ad.* From head to foot; from top [to toe.
નખી, *a.* Having talons or claws.
નખેતર, *n.* See નક્ષત્ર.
નખોદ, *n.* Total ruin.
નખોદિયું, *a.* That ruins; ruinous.
નખોરિયું, *n.* Laceration or scratches with a nail or a claw.
નગ, *n.* A mountain. 2 ઘરેણું an ornament. 3 [ઝાડ, a tree.
નગણું, *a.* Ungrateful.
નગદ, *a.* In cash; in ready money.
નગદી, *n.* Gold and silver. 2 valuable property.
નગર, *n.* A town; a city.
નગર શેઠ, *n.* The leading person in a town.
નગરી, *n.* A small town.
નગરૂં, *a.* Shameless. 2 ungrateful.
નગારખાનું *n.* The place in which drums are [kept.
નગારચી, *n.* A drummer.
નગારૂં, *n.* A kettledrum.
નગિનો, *n.* A precious stone. a diamond 2 દેખાવડો, good looking. 3 ચતુર, clever.
નગુણું, *a.* See નગરૂં.
નગોડ--ર, *n.* A kind of plant.

નગ્ન, *a.* Naked.
નઘરોળ, *a.* Careless. [thrown.
નંખાવું, *v.* અઢેલવું. To recline. 2 ફેંકાવું to have
નંખાઈ જવું, *v.* અચેતન થવું To be in extremely low spirit. 2 ઉલટી થવી to vomit.
નંગ, *n.* હીરો A jewel; a gem. 2 યશસ્વી pride of one's family. 3 a single ornament.
નચાવવું, *v.* To make to dance.
નચિંત, *a.* Free from anxiety; above anxiety.
નચિંતપણું, } *n.* Freedom from anxiety;
નચિંતાઈ, } uncarefulness.
નચુકો, *n.* See નકુચો,
નજદીક, *ad.* Close to; near; nigh.
નજર, *n.* દ્રષ્ટિ. A sight; a vision. 2 ધ્યાન, attention; mind. 3 મેહેરબાની, favour; regard. 2 ભેટ, a present. 5 ચોટ, an evil eye. 6 લક્ષ regard. [influence of evil eye.
નજર ઉતારવી--વાળવી *v.* To disenchant from the
નજર ઉતારી નાખવી, *v.* To become unfavoured
નજર કરવી, *v.* To observe; to glance. [unto.
નજર કરવું, *v.* To present. 2 to dedicate.
નજર ઘાલવી, *v.* To pay close attention to.
નજર ચુકવી, *v.* To commit an oversight.
નજર ચુકાવવી--ચોરાવવી, *v.* To elude.
નજર રાખવી, *v.* To have sharp eye; to keep eye.
નજરલાગવી, *v.* To be influenced of an evil eye.
નજર ફાટવી, *v.* To be thunder-struck.
નજરનો ખોટો-પાપી, *a.* Evil eyed. [ched.
નજરકેદ, *a.* Under survillance; strictly watched.

નજરચૂક, *n.* An oversight.
નજરચોર, *n.* One that eludes observation.
નજરનો ખેલ, *n.* Achievement of the sight. 2 deception of the sight.
નજરબંદ, *n.* A conjurer.
નજરબંદી *n.* Jugglary; fascination and deception of the sight.
નજરબાજ, *n.* A person of keen eye.
નજરભૂલ, *n.* See નજર ચૂક.
નજરાણું, *n.* A present.
નજરાનજર, } *n.* આમેંઆમેં મળવી તે An in-
નજરેનજર } terview; a mutual sight.
નજલો, *n.* A gout; a catarrh.
નજીક, *ad.* See નજદીક.
નજસ, *a.* Foul; filthy; dirty. 2 ill-tempered.
નજીવું, *a.* Worthless; trifling; immaterial.
નજુમ, *n.* Astronomy. 2 astrology.
નજુમી, *n.* An astronomer. 2 an astrologer.
નટ, *n.* A dancer; an actor.
નટખટ, *a.* Knave; rogue.
નટણી, *n.* A female dancer.
નટવર, *n.* One that has acquired proficiency in dancing. 2 the god *Krishna.* 3 a fop.
નટવાઈ, *n.* Rope dancing.
નટવો, *n.* A rope-dancer.
નટી, *n.* A female player.
નટેશ્વર, *n.* *Shiva.*
નઠારૂં, *a.* Bad; wicked.
નઠોર, *a.* Shameless; impudent.

નડતર, *n.* An impediment; an obstacle; obstruction.
નડ--ડો, *n.* A low caste man.
નડવું, *v.* To impede; to hinder.
નડાવ, *n.* See નડ.
નળી, *n.* A throat.
નણંદ--ણદી, The husband's sister.
નણદોઈ, *n.* The husband of a husband's sister.
નતભાગ-તાંશ, *n.* Zenith distance.
નતિજો, *n.* Result: consequence; issue.
નથ--ણી, *n.* A nose-ring.
નથી, *ad.* Not; is not.
નદ, *n.* A big river.
નદાવો, *n.* An aquittance; a release; freedom from all rights.
નદી, *n.* A river.
નધણિયાતું, *a.* Unowned; unclaimed.
નનામું, *a.* Anonymous; without a name.
નંદ, *n.* *Krishna.* artful as *Krishna.*
નંદકળા, *n.* The artifices of *Nand.*
નંદન *n.* A son. 2 સ્વર્ગનો બાગ elysium; the garden of heaven.
નંદની, *n.* A daughter.
નંદવું, *v.* To break; to shatter.
નંદિની, *n.* છોકરી A daughter. 2 પાર્વતીનું નામ a name of *Parvati.*
નંદી--કેશ્વર, *n.* *Mahadev's* bull.
નનો, *n.* The letter N. 2 an answer in the negative.
નપાટ, *a.* Shameless; barefaced .
નપુંસક, *a.* હીજડો Impotent; eunuch. 2 [illegible] વગરનો spiritless. 3 *n.* નાન્યતર જાતી, neuter.
નપુંસકલિંગ, *n.* Neuter gender.

નપુંસકપણું, n. Impotence.
નફટ, a. Barefaced; shameless.
નફટાઇ, n. Insolence.
નફતેલ, n. Naptha.
નફર, n. A menial.
નફરત, n. Hatred.
નફરી, n. Service.
નફસ, n Animal life.
નફસપરવર, n. Sansualist.
નફસાની, a. Luxurious.
નફસાનીઅત, n. Luxury.
નફસી. a. Carnal. [lucrative.
નફાદાર--વાળું, a. Profitable; advantageous;
નફીરી, n. A kind of drum.
નફો. n. Profit; gain; advantage; lucre.
નફાટોટો-નુકશાન, n. Profit and loss.
નફ્ફટ, a. Shameless; barefaced.
નફ્ફર, n. A manial.
નબજ, n. The pulse.
નબળાઇ, n. Weakness; feebleness; infirmity.
નબળું, a. Weak; feeble; infirm.
નભ, n. The sky. 2 a cloud. [upon.
નભવું, v. To last; to continue; to depend
નભાવ, n. Lasting throughout. 2 maintenance
નભાવવું, v. ટકાવવું, To make to endure or last. 2 પોષણ કરવું to maintain. 3 જવા દેવું to pass over shortcomings.
નમક, n. Salt.
નમણું, a. Well-shaped.

નમન, *n.* Bending; bowing; obeisance. [ness.
નમનતાઈ; *n.* Humility; submissiveness; meek-
નમનતાઈ ભરેલો, *a.* Humble; obedient.
નમતું, *a.* Compliant.
નમદો, *n.* A coarse woolen cloth; felt.
નમન કરવું, *v.* To bow; to salute.
નમનશીલ, *n.* Pliant.
નમનશીલતા, *n.* Pliantness. [bend.
નમવું, *v.* To bow. 2 to submit; to yield. 3 to
નમસ્કાર. *n.* Salutation; obeisance.
નમાજ, *n.* Divine worship or prayer.
નમાજી, *a.* One who prays.
નમાનું, *a.* Humble; mild.
નમાયું, *a.* Motherless. [ously.
નમાર, *n.* A kind of corn growing spontane-
નમાવવું, *v.* To lower; to humble; to bend.
નમુનો, *n.* A pattern; a model. 2 specimen; a
નમેણ, *n.* Cooking room. [sample.
નમેરું, *a.* Cruel; merciless.
નમો નારાયણ, *n.* A kind of mutual salutation.
નમોથુણ, *n.* See નમો નારાયણ.
નંબર, *n.* A number. [meek.
નમ્ર, *n. a.* Humble; obedient. 2 સાલસ mild;
નમ્રતા, *n.* તાબેદારી Humbleness; obedience. 2
સાલસાઈ mildness; modesty.
નમ્રતા પૂર્વક *ad.* Humbly; obediently.
નય, *n.* Juice.
નયન, *n.* The eye.
નર, *n.* મનુષ્ય A man, 2 પુરૂષની ઇંદ્રી હોય તે a male.

3 લોઢાનો એક જાતનો નકુચો, a spike. 4 *a.* બાહાદુર brave.

નરક, *n.* Hell; infernal regions. 2 excrement.

નરકકુંડ, *n.* A pit prepared in hell. 2 the eighty four pits prepared in hell for the damned.

નરકપાત્ર, *a.* Damnable.

નરકખાડી, *n.* A place of filth.

નરકવાસ, *n* Abode in hell.

નરખ, *n.* Fixed price, market price.

નરઘાં, *n.* A kind of kettledrum.

નરજાતી, *n.* The masculine gender.

નરડો, *n.* The wind-pipe. *osshiodes*; the throat.

નરવું, *a.* Bad; wrong.

નરતાઈ, *n.* Badness.

નરતો, *a.* Bad.

નરદમ. *a.* Unalloyed; pure. 2 *ad.* absolutely; entirely.

નરદમ–મતા, *n.* Substance.

નરદેવ, *n.* A king.

નરદેહ, *n.* The human body.

નરનાર, *n.* Man and woman.

નરપત--તિ, *n.* A sovereign; a ruler.

નરપહું. *a.* Thin; slender.

નરમ, *a.* સુંવાળું, Soft; tender. 2 ધીરું, slow. 3 ભલું, સાલસ mild; gentle. 4 ઢીલુ watery. 5 લીસું smooth.

નરમ કરવું, *v.* To soften.

નરમ ગરમ. *a.* Mild and hot; relenting and rigorous.

નરભક્ષક, *n.* Anthropophagi.

નરભોજી, *n.* Anthropophagi.

નરમ પડવું, *v.* To be softened.

નરમાઈ-સ, *n.* Mildness; gentleness; softness.
નરમાદા, *n.* Male and female.
નરવું, *a.* Healthy; hale.
નરસ-સું, *a.* Bad; wicked.
નરમદા, *n.* The river *Narmada.*
નરસિંહ, *n.* *Vishnu* in his forth *Avatar.*
નરહરણ, *n.* Hart.
નરહરી, *n.* A name of *Vishnu.*
નરાઈ, *n.* Health.
નરાજ, *n.* A crow-bar.
નરાણી-રેણી, *n.* A nail parer.
નરાધમ, *n.* A wretch.
નરાધિપ, *n.* A ruler; a sovereign.
નરાંત, *n.* Death ; end of life.
નરિ, *n.* A goat-skin for shoes.
નરું-યું, *a.* Pure; unmixed.
નરેડાટ, *a.* Desolated.
નરેંદ્ર-દ્રા, *n.* A king; a sovereign. [phant.
નરોવા કુંજરો વા, *n.* Wether a man or an ele-
નરોજ, *n.* A Parsee holiday.
નર્તક, *n.* A dancer.
નર્તકી, *n.* A dancing girl.
નર્તન, *n.* A dance.
નલિન, *n.* A lotus.
નવ, *a.* 9; Nine. 2 new, fresh.
નવકુળ, *n.* Nine families.
નવઈંદ્રિય, *n.* The nine senses (૨ શ્રોત્ર, ૨ નેત્ર, ૨ ઘ્રાણ, ૧ મોહોડું, ૧ મુત્રદ્વાર, ૧ ગુદદ્વાર).
નવકોણ, *n.* A nonegon.

નવખંડ, *n.* The nine divisions. (ઇલાવૃત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરૂષ. કેતુમાલ, રમ્યક. ભરત, હિરણ્મય, અને ઉત્તર કુરૂ).
નવગણું, *a.* Nine-fold.
નવગ્રહ, *n.* The nine planets.
નવટાંક, *n.* The 8th part of a seer.
નવટાંકી, *n.* A weight of ⅛ seer.
નવડો, *n.* The figure 9.
નવતર-નવું, *a.* New; recent. 2 novel.
નવતરૂં, *a.* New; novel.
નવતી, *n.* Bloom.
નવનાગ, *n.* The nine serpents or *Nags* (**viz** અનંત. વાસુકી, શેષ, પદ્મનાભ, કંબલ, સંખપાલ, ધ્રતરાષ્ટ, તક્ષક ને કાલિય).
નવનીત, *n.* Butter.
નવનીધ, *n.* નવ જાતના ખજાના The nine treasures.
નવનિધી, *n.* Nine treasures of the God ***Kuber*** or Plutus, (viz. શંખ, મકર, કાચબો, મહાપદ્મ, મુકુંદ, કુંદ, નીલ, ખર્વ, પદ્મ).
નવપલ્લવ, *n.* Fresh leaves.
નવમ, *a.* Ninth.
નવમાલિકા, *n.* A kind of flower.
નવમી, *n.* The ninth day of the **fortnight.**
નવયૌવના, *n.* A woman in her **prime of youth.**
નવરંગી, *a.* Of diverse colours.
નવરત્ન, *n.* Nine kinds of gems.
નવરસ, *n.* (શૃંગાર, હાસ્ય, કરૂણા, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્દભુત અને શાંત) **Nine kinds of passions in singing (viz. love, mirth, tenderness, anger, heroism, terror, disgust, surprise, tranquility.)**

નવરાત્ર, *n.* A space of nine days and nights.
નવરાવવું, *v.* To bathe.
નવરાશ, *n.* Leisure; convenience.
નવરૂં, *a.* Disengaged; unemployed.
નવરોજ, *n.* The Parsee's new years day.
નવલ, *a.* New; novel.
નવલખી, *a.* Of nine lacs.
નવલસા હીરજી, *n.* A phrase applied to an ordinary man when he acts as a big gentleman.
નવસાર-ગર, *n.* Ammonia clorate; *Salammoniæ.*
નવવિધા ભક્તિ, *n.* Nine kinds of worship.
નવસા નવસી, *n.* The bride and the bridgroom.
નવસો, *n.* The bridgroom.
નવસ્રુ, *a.* Bare; nacked; nude.
નવસરવું, *v.* To succeed.
નવસાત, *a.* Sixteen.
નવસિંદો, *n.* A writer.
નવળ, *a.* See નવલ.
નવાઈ, *n.* Wonder; strangeness. 2 a novelty.
નવાજસ, *n.* Favour; graciousness.
નવાડવું, *n.* To bathe.
નવાણ, *n.* A watering place as wells, tanks, &c. to get water. 2 monthly-course.
નવાણું, *a.* Ninety nine; 99.
નવ્વાણું, *a.* See નવાણું.
નવાબ, *n.* Nabob.
નવાબી, *n.* Sway or region of Nabob. [ownerless.
નવારસું, *a.* વારસ વગરનું Heirless. 2 નધણિયાતું

નવાલો, n. A morsel; a mouth-ful.
નવીજૂની, n. News; 2 altercation.
નવીન, a. New.
નવીસંદો-સીંદો, n. A clerk; a copyist. [new.
નવું, a. હમણાનું Modern; recent. 2 તાજું fresh;
નવું જૂનું, n. ઉથલ પાથલ Innovation. 2 new and
નવુંસવું, a. Recent; modern. [wonderful.
નવેણ, n. A cook-room; a kitchen.
નવેતર, ad. Recently. [denovo.
નવેનામે-સરથી, ad. Over again; a second time;
નવોઢા, n. A newly married woman.
નશાખોર, a. Spiritful; drunkard.
નશાબાજ, a. See નશાખોર.
નશો, n. Intoxication.
નષા, n. See નેસ.
નષ્ટ, a. ખરાબ Bad; wicked. 3 હીણું low; mean. 3 નાશ થયેલું, annihilated.
નશિહત, n. શિખામણ Advice; instruction; admonition. 2 સજા correction; reproof.
નસ, n. A vein; a sinew,
નસકોરૂં, n. A nostril.
નસંતાન, a. Childless; without a progeny.
નસંક, a. Whole; entire.
નસલ, n. મૂળ Root. 2 કુળ pedigree; descent.
નસલી, a. Of family. [are kept.
નસાખાનું, n. The place where the Parsee biers
નસાડવું, v. To drive off.
નસીબ, n. Fortune; luck; destiny. [nate.
નસીબ જાગી ઉઠવું, v. To be luckly; to be fortu-

નસીબના તોગ, *n.* Adverse stars; evil destiny.

નસીબદાર,
નસીબવાન,
નસીબવંત, } *a.* Fortunate; lucky.

નસીબો, *n.* Misfortune; ill fate.

નસેસલો-લા-લાર, *n.* One who carries upon his shoulder the bier of Parsees.

નસો, *n.* Uncleanliness; impurity.

નસ્તર, *n.* A lancet.

નહેર *n.* A canal.

નહાણ, *n.* સ્નાન Ablution. 2 બાયડીનો પેહેલો અટકાવ, the first appearing of the menses.

નહી, *ad.* No; not; nay.

નહીંતર-તો, *ad.* If not; otherwise; or else.

નહીં સરખું, *ad.* Worthless. [a gourd.

નહીંઉં, *n.* The skin close to the nails. 2 દુધી

નહી, *n.* A white pumpkin; a gourd.

નહોર, *n.* પંજા Claws. 2 નખોરીઆં scratches of nails or claws.

નળ, *n.* A pipe; a drain. 2 આંતરડું bowels.

નળવાઇજવું, *v.* To be weakened.

નળાકાર, *a.* Cylindrical.

નળિકા, *n.* A tube; a pipe.

નળિયું, *n.* A tile.

નળી, *n.* A pipe; a tube.

નળો, *n.* The bone of the leg; the *tibia.*

નક્ષત્ર, *n.* Lunar mansion. 2 a star.

નક્ષત્રનાથ, *n.* The moon.

નક્ષત્રપાત, *n.* Starshoot.

નક્ષત્રમંડળ, *n.* The starry sphere.

નક્ષત્રમય, }
નક્ષત્રવ્યાપ્ત, } *a.* Starry.

નક્ષત્ર, *a.* Without any *kshatree.* [nial.

ના, *ad.* નકાર No; not. 2 ના પાડવી refusal; de-

નાઈ, *n.* A barber.

નાઈકા, *n.* A dancing girl.

નાઈનસાફ, *n.* Unjustice.

નાઈલાજ, *a.* Remediless; without any resource.

નાઉમેદ, *a.* Hopeless; disappointed.

નાઉમેદી, *n.* Hopelessness; disappointment.

નાએક, *n.* See નાયક.

નાક, *n.* The nose. 2 આબરૂ reputation; sense of honor. 3 શરમ shame.

નાક કાપવું, *v.* To put to shame.

નાકજવું, *v.* To be disgraced.

નાક ઘસવું, }
નાક ઘસણી કરવી, } *v.* To be humbled.
નાક નમાવવું, }

નાક ઉંચું રહેવું, To be honoured. [of honour.

નાક ઉપર માખ નહીં બેસવા દેવી, *v.* To be jealous

નાકની દાંડી, *n.* The tip of the nose.

નાકમાંથી બોલવું, *v.* To speak from the nose; to make nasal twangs. [disgraced.

નાકકટું, *a.* નાક કપાયલું Nose-cut. 2 અપમાન પામેલું,

નાકબુલ, *a.* ના મંજુર Not acceptable. 2 કબુલ નહીં કરેલું, not admitted.

નાકબુલવું, }
ના કબુલ થવું, } *v.* To decline; to consent.

ના કબુલી, *n*. Denial; refusal; disallowal.

નાકલિંસોટી, } *n*. The act of rubbing the
નાકલીટી, } nose with the ground.

નાકાબંદી, *n*. A seige; a blockade.

નાકું, *n*. દરવાજો A gate. 2 બીજા રસ્તા ફંટાતા હોય તે ચકલો a point. 3 છેડો the boundary. 4 કાણું, a hole. 5 જગાત ચોકી a custom station. 6 સોયનું કાણું the eye of a needle.

નાકેદાર, *n*. A toll-collector.

નાકેબંદી, *n*. See નાકાબંદી,

નાકેસ, *a*. Defective; imperfect,

નાકૌઅત-વત, *a*. Feeble: powerless; weak.

નાકૌતી, *n*. Weakness; feebleness.

નાખવું, *v*. ફેંકવું To throw away. 2 પાથરવું to spread. 3 ઓકવું to vomit. 4 મુકી દેવું to give up. 5 ઢોળી પાડવું to throw upon (another.)

નાખુદા-ખોદા, *n*. The commander of a ship.

નાખુશ, *a*. Displeased; sorry.

નાખુશી, *n*. Displeasure; sorrow.

નાગ, *n*. A serpent; a species *cobra*.

નાગ કન્યા, *n*. નાગની કન્યા A virgin of the *Nag* origin. 2 દેખાવડી કન્યા a beautiful virgin.

નાગ કેસર, *n*. A particular drug; *Mesua Fer-*
નાગડું, *a*. Slender. [*rea*.

નાગણ, }
નાગણી, } *n*. A female serpent.
નાગેણ, }

નાગદવનો, *n*. Worm wood.

નાગનાથ, *n.* One of the twelve *lingams* of
નાગપંચિમ. *n.* The fifth of Shravan Shud [*Shiva.*
નાગપાશ, *n.* A noose; a snare; a entangle-
ment; a temptation.
નાગપૂજા *n.* The worship of *Nag.*
નાગફ્રેણ, *n.* The hood of a snake.
નાગમણી, *n.* The snake-stone.
નાગમોડ, *a.* Senuous.
નાગર, *n.* નગરનો રહેનાર A citizen. 2 બ્રાહ્મણોની
જાત a particular class of Brahmins. 3 હળ
a plough. 4 (વહાણની) બિલાડી an anchor. 5
a. ચતુર clever; sharp; astute.
નાંગર *n.* See નાગર 3 ટે 4.
નાંગરનાર *n.* A plough man. [plough.
નાગરબંદી, *n.* The system of taxing the
નાગરવાડો, *n.* A street where the Nagers live.
નાંગરવું, *v.* To anchor; to plough.
નાગરવેલ-લી. *n.* ખાવાનાં પાન Betel leaf. 2 પાનનો
વેલો, betel leaf plant.
નાગરી, *a.* નગર સંબંધી Regarding the city.
નાગરી, *n.* દેવનાગરી The *Sanskrit.* 2 ચતુર સ્ત્રી a
clever woman. 3 નાગરની સ્ત્રી the wife of
નાગરિક, *n.* Townsman; citizen. [*Nagar*
નાગલાં, *n.* Small snakes.
નાગલી, *n.* A kind of grain; *Raggy.*
નાગલોક, *n.* The world of the serpents; the
regions below the earth.
નાગવલ્લી, } *n.* See નાગરવેલ.
નાગવેલ, }

નાગું, a. ખુલ્લું Nude; naked; uncovered. 2 પૈસા વગરનું penniless; destitute. 3 દેવાળિયું bankrupt. 4 ઉઘાડું unsheathed. બેશર્મી shameless; barefaced.

નાગું ઉઘાડું, a. Indecent.

નાગુંભુખ્યું, a. Destitute; wretched.

નાગો, a. Naked. 2 દેવાળિઓ bankrupt. 3 કડક penniless, destitute. 4 બેશર્મી shameless; barefaced.

નાગો વરસાદ, n. Rain during sunshine.

નાઘોરી, n. A particular class of Mehomedans who keeps cattle. [party.

નાચ, n. નૃત્ય A dance. 2 મિજલસ a dancing

નાચઘર, n. See નાટક ગૃહ, નાટકશાળા.

નાચણ કુંઘરી, n. coquette; a female dancer.

નાચનચાવવો, v. To have a thing done according to one's whims and fancies.

નાચફી, n. Foppery. [woman.

નાચણ-નારી, n. A female dancer; a profligate

નાચણવેડા, n. Artificies and blandishments of a dancing woman.

નાચણી, n. See નાગલી *Cynosurus Conocunus.*

નાચનાર, n. A dancer.

નાચરંગ, n. Festivity; mirth; dancing.

નાચવું, v. નૃત્ય કરવો To dance. 2 કૂદવું to jump. 3 બડાઈ હાંકવી to speak loftily.

નાચવું નહીં તેને આંગણું વાંકું A bad workman quarrels with his tools. [meek; poor.

નાચાર, a. નોધારૂં Helpless; destitute. 2 ગરીબ

નાચારો, *n.* ગરીબાઈ Helplessness; wretched state. દરીદ્રતા poverty.
નાચેણ, *n.* See નાચણ.
નાજનીન, *n.* A damsel.
નાજબખેરદાર, *n.* A flatterer.
નાજબખેરદારી, *n.* flattery.
નાજર, *n.* A sheriff of a law-court. 2 હિજડો an eunuch.
નાજવાબ, *a.* Uuanswerable; No.
નાઝર, *n.* See નાજર.
નાજુક-કું, *a.* Tender; soft; delicate.
નાજુકાઈ, નાજુકી, નાજુકપણું, *a.* Tenderness; softness; delicacy.
નાજુકકામ, *n.* A delicate affair.
નાજુક જગા, *n.* A delicate part.
નાટક, *n.* વેશની ખેલ ભજવવા. A theatrical exhibition. ખેલ a drama; a play.
નાટકકાર *n.* An actor on the stage.
નાટકકવિ, *n.* See નાટકકાર.
નાટકશાળા, *n.* A theatre; a play house.
નાટકી, *n.* નાટકકાર An actor. 2 નાટક સંબંધી pertaining to a theatre.
નાટકગ્રહ, *n.* See નાટકશાળા.
નાટચ, *n.* Dancing.
નાટારંગ, *n.* The pleasure produced in the theatre.
નાડ, *n.* હાથના કાંડા આગળની નસ The pulse. 2 મોટી નસ the artery. 3 ચામડાનું દોરડું a leather string. 4 મૂળ સ્વભાવ natural temper.
નાડજોવી, *v.* To feel the pulse.

નાડ દેખાડવી, *v*. To shew the pulse.
નાડમળવી, *v*. To find out a clue.
નાડબંધ પડવી, *v*. To be on the point of death.
નાડાછડી, *n*. A cotton thread of various colours.
નાડાછોડકરવા, *v*. To make water.
નાડાબંદી-ધી, *v*. Continency; chastity.
નાડી, *n*. નાડ The pulse. 2 ચામડાનું દોરડું a leather cord.
નાડી પરીક્ષા, *n*. Feeling the pulse; investigation through the pulse.
નાડીમંડળ, } *n*. The celestial equator.
નાડીવૃત, }
નાડીવૈદ, *n*. A quack; a mountebank.
નાડીજ્ઞાન, *n*. Knowledge of feeling the pulse.
નાડીમાળુ, *n*. A sinus.
નાડું, *n*. A string; a tape.
નાણ, *n*. The menses.
નાણવું, *v*. તપાસવું To try; to make an experiment. 2 ન આણવું not to bring.
નાણાવટ, *n*. Money-market; an exchange.
નાણાવટી, *n*. A banker; a *Shroff*.
નાણું, *n*. સિક્કો A coin. 2 પૈસો money; cash. 3 કિમ્મત, price; value.
નાત, *n*. A caste; a sect.
નાતબહાર, *a*. Out-caste, excommunicated.
નાતરસ, *a*. Cruel; unmerciful.
નાતરિયા, *n*. The caste in which the rules of remarriages prevail.
નાતરિયું, *n*. A child with the mother at the time of remarriage.

નાતરું, n. Remarriage. 2 સંબંધ connection.
નાતરું કરવું, v. To remarry.
નાતરે જવું, v. To marry another during the life time of the first husband. 2 જાનમમાં [જવું to go to hell.
નાતલગ, a. Connected.
નાતવરો, n. Caste-dinner.
નાતવાન, a. Feeble; weak; helpless; destitute.
નાતવાની, n. Feebleness.
નાતાલ, n. Christmas day.
નાતિભેદ, n. Caste-distinction.
નાતીલો a. Of Caste; connected by caste; caste brother.
નાતું, n. સંબંધ Connection. 2 સગપણ relationship.
નાતો, n. Relation; connection.
નાથ, n. માલીક A master; a lord; an owner. 2 વર. husband. 2 એક જાતના જોગી a class of *yogis*. 4 બળદના નાકમાં દોરી ઘાલેલી હોય છે તે a nose-rope or bridle of a bullock.
નાથવિજોગ-યોગ, n. Separation of the husband from his wife.
નાથવું, v. To invest a bullock with the nose-rope.
નાદ, n. અવાજ Sound. 2 શબ્દનો ઘોર a tune. 3 છંદ a habit, addictedness. 4 મોટપણુ highmindedness.
નાદર, n. First rate; excellent.
નાદવું, v. To stay; to reside; to dwell.
નાદાન, a. Inconsiderate; thoughtless; foolish.
નાદાનકી દોસ્તી જીવકા જાન, The friendship of a thoughtless man may cost one's life.

નાદાનપણું, નાદાની, નાદાનીઅત, } *n.* Childishness; rashness; ignorance; foolishness.
નાદાર, *a.* દેવાળિયો Insolvent.
નાદાર, *n.* જેની પાસે કંઈ નથી તે A pauper.
નાદારી, *n.* Insolvency; pauperism.
નાદી, *a* Proud; arrogant.
નાધકું-ડું, *a.* Small; little.
નાન, *n.* A loaf; a bread.
નાનક, *n.* The name of a celebrated *guru*, teacher or preceptor. [*Nanak.*
નાનકડું. *a.* See નાધકું.
નાનકપંથી, *a.* That follows the docrines of [*Nanak.*]
નાનખતાઈ, *n.* A kind of sweetmeat.
નાનમ, *n.* Inferiority; humbleness.
નાના, *a.* તરેહ તરેહના Various; many. 2 *int.* નહીં નહીં no! no!
નાના પ્રકારનું, નાનાવિધનું, } *ad.* Various; diverse; sundry.
નાના મત, *n.* Popular opinion.
નાની, *n.* Maternal grand-mother. 2 Young.
નાનીશી, *a.* Some; small.
નાનો, *n.* Maternal grand-father. 2 Young.
નાંદ, *n.* A burnt large and long earthen pot.
નાંદી, *n.* Praise of a king or a diety at the opening of a drama.
નાન્યતર, *n.* નપુંસક (વ્યાકરણમાં) Neuter gender (in Gram).
નાપ, *n.* Measure.
નાપના, *v.* To measure.
નાપસંદ *a.* ના મંજુર Disapproved; rejected. 2 કામ ન આવે તેવું disagreeable; unaccep-

table. 3 ખુશી ન કરે તેવું disliked. [clean.
નાપાક, *a.* અપવિત્ર Unholy. 2 દાખી impure; un-
નાપાકી, *n.* અપવિત્રતા Unholiness. 2 દાખી હોય તેવી હાલત impurity; uncleanliness.
નાપિક-ત, *n.* હજામ A barber.
નાપીક, *a.* Sterile.
ના ફરમાન, *a.* આજ્ઞા તોડનાર Disobedient. 2 જાંબુઆ રંગનું નામ name of a purple colour.
ના ફરમાની, *n.* અવજ્ઞા Disobedience insubordination. 2 જાંબુઆરંગનું. *a.* purple.
નાબુદ, *a.* Extinct; annihilated. [of a wheel.
નાભ, *n.* A boat. 2 પૈડાનો વચલો ભાગ the nave
નાભિ, *n.* ડુંટી The navel. 2 નાભ the nave of a wheel. 3 રાજા a king; an emperor.
નાભિ કમળ, *n.* Lotus of the navel.
નાભિ છેદન, *n.* Division of the umbilical cord;
નાભિનાડી, *n.* The umbilical cord. [omphalotomy.
નિભિવર્દ્ધન, *n.* ડુંટી વધે તે Omphalocele.
નામ, *n.* A name; a designation. 2 (વ્યાકરણમાં) a noun. 3 કીર્તિ reputation; renown.
નામ કરવું, *v.* To be renowned: to gain a good
નામ કઢાડવું, *v.* To earn a bad name. [name.
નામ બોળવું, *n.* To bring disgrace.
નામ ન દેવું,
નામ ન લેવું,
નામ ન બાળવું, } *v.* To hold off from naming.
નામ નિશાની કાંઇ નથી, There is not the slightest mark or shadow of.
નામનું, *a.* Only in name; nominal.

નામપર પાણી ફેરવું, *v.* To dessolve connection [with.

નામ તારવું, *v.* To obtain celebrity.

નામે પોક મુકવી,-રડવું, *v.* To cry out on. 2 મળવાનું નથી એમ ધારી છોડી દેવું to give up in des- [pair.

નામજાદુ, *a.* Famous. notorious.

નામ જોગ, *a.* The very person whose name is given in writing.

નામંજુર, *a.* Unacceptable; rejected.

નામંજુરી, *n.* Disavowal.

નામ જોગ હુંડી, *n.* The *Hundi* which states the name and gives some description of the purchaser.

નામઠામ, *n.* Name and address.

નામદાર, *a.* માન પામેલું, Honourable. 2 પ્રખ્યાત થયેલું, renowned; famous.

નામદારી, *n.* Celebrity; fame.

નામ દેવું, *v.* To name.

નામધાતુ, *n.* A verb formed from the noun.

નામ ધરવું, *v.* To censure.

નામધારણ, *ad.* By assuring the name of.

નામધારી, *ad.* Famous.

નામના, *n.* Fame renown.

નામનિશાન, *n.* Name and other particulars.

નામનું *a.* Nominal.

નામપર *ad.* In the name of; on account of; bearing the name of.

નામ બુડાઉ, *a.* Disgracing.

નામરાશિ-શી, *a.* Name-sake.

નામર્દ-રદ *a.* નપુંસક Impotent. 2 જનાની effemi- [nate.

નામર્દાઈ,
નામર્દી,
નામરદાઈ, } n. ના કૌવતી, Weakness; impotency. 2 બાયલાપણું, cowardice; effeminacy.

નામવર, a. Famous; celebrated.

નામવરી, n. Fame.

નામવાચ્ય, n. (વ્યાકરણમાં) તૃતીય પુરૂષ The third person [in Grammer).

નામસ્મરણ, n. Bearing in and calling up into the mind; the name of a God, goddess [&c.

નામવું, v. રેડવું To pour.

નામાંકિત, a. See નામજાદું.

નામાવળી, n. A list of names.

નામી-ચું, a. See નામજાદ.

નામું, n. હિસાબ An account. 2 વાર્તા a narrative. 3 દસ્તાવેજ a deed; a writing. 4 કાગળ પત્ર a letter; an epistle.

ના મુકરજવું, v. To disown; to deny.

નામુંઠામું, n. Accounts.

નામુનાસબ, a. Improper; unjust; unbecoming.

ના મુબારક, a. Unfortunate.

નામુરાદ, a. Disappointed; unsuccessful.

નામુરાદગી, n. Disappointment.

નામુરાદી, n. See નામુરાદગી.

નામે, a. See નામપર.

નામેહેરબાન a. Unkind.

ના મેહેરબાની n. Unkindness

નામોશી, n. A disgrace; a shame.

નામોસી, n. See નામોશી.

નાયક, n. A leader; a chief. 2 આશક a lover

નાયકા-કણ, n. રામજણી A dancing girl. 2 માશુક A mistress. 3 નાયકની સ્ત્રી the wife of a [Nayak.
નાયડી, n. See નાળ (2)
નાયબ-ઇબ, n. A deputy.
નાયિકા, n. See નાયકા.
નાર, n. A woman; a female.
નારકી, a. Relating to hell; hellish.
નારંગી, n. An orange.
નારંગીરંગનું, a. Orange coloured.
નારંગીબાગ, n. Orangery.
નારંગીવૃક્ષ, n. The orange tree.
નારદ, n. એ નામના ઋષિ The name of a *Rushi*. 2 કજીઆ કરાવનાર one that excites quarrel
નારાજ-જી, a. Dissatisfied; displeased.
નારાયણ, n. વિષ્ણુ The god *Vishnu*. 2 સન્યાસી a hermit; a recluse; a *Sanyasi*.
નારાયણબલિ, n. A religious offering for the Salvation of our forefathers.
નારારત, a. Wrong.
નાળિયળ, n. Cocoanut.
નાળિયળી, n. The cocoanut tree.
નારી, n. See નાર.
નારીજાત, n. Female.
નારીજાતિ, n. Feminine gender. (Gram.
નારીદૂષણ,-દોષ n. A breach of duty in a [woman.
નારૂં, n. Guinea-worm.
નારૂ, n. A certain fee given to some workmen from the produce of the village. 2 brokerage.

નારોજ, n. The Parsee new year's day.
નારોદ, n. Particular class of Rajputs; 2 See
નાલકી. n. A sedan; a palanquin. [ખલાસી.
નાલાયક, a. અયુક્ત Improper; unworthy. 2 લાયક નહીં તેવું unqualified; unfit.
નાલાસ, નાલેસ, નાલેસી } n. બદબોઈ Calumny; abuse. 2 ચિહ્લો libel; slander.
નાલાસકરવી, v. બદબોઈ કરવી To calumniate. 2 ચિહ્લો કરવો to libel.
નાલા, n. A spring.
નાવ, n. A ship; a vessel.
નાવડી, n. A small boat.
નાવડું, n. A canoe.
નાવલિયો, નાવલો, } n. A husband.
નાવાકેફ, a. Unacquainted; inexperienced.
નાવાડિયો, n. A boatman.
નાવારસ, a. Heirless.
નાવિક, n. A navigator.
નાવિકવિદ્યા, n. The art of ship-building.
નાવિકશિલ્પ, n. Navigation.
નાવી, n. A barber.
નાવ્ય, a. Navigable. 2 naval.
નાશ, n. સંહાર Destruction; annihilation. 2 નુકશાન loss; injury; damage.
નાશક a. That destroys. 2 That injuries.
નાશ કરવો, v. To ruin; to destroy; to annihilate.
નાશકારક, a. Ruinous; destructive.
નાશવંત, n. Perishable;

નાશી, *a.* Destroying.
નાશીત, *a.* Ruined.
નાસ, *n.* Snuff.
નાસદાન, *n.* A snuff-box.
ના સબર, *v.* Impatient.
નાસમજ, *n.* Unintelligence.
નાસતો, *n.* Breakfast.
નાસરી, *n.* About half a pie.
નાસવાબ, *a.* Sinful; wrong. [to escape.
નાસવું, *v.* To run away; to abscond; to elope;
નાસા-સિકા, *n.* The nose.
નાસિપાઆસ-સ, *a.* Hopeless; disappointed.
નાસીપાસી, *n.* Hopelessness; disappointment.
નાસૂર, *n.* A fistula; a disorder between the nose and the eyes. [fidel.
નાસ્તિક, *n.* Hn atheist; an unbeliever; an in-
નાહે, *n.* A burning charecoal. [wrongfully]
નાહેક, *ad.* Unjustly; without any cause;
નાહણુ, *n.* Ablution.
નાહતી ધોતી, *a.* (A woman) arrived at puberty.
નાહેર, *n.* A tiger.
નાહાનપણુ, *n.* Infancy; childhood; nonage.
નાહાનું, *a.* Small; little. 2 જુવાન young.
નાહાવું, *v.* To bathe; to wash.
નાહાસવું, *v.* See નાસવું.
નાહીં, *ad.* See નહીં.
નાળ, *n.* An umbilical cord. 2 ઘોડાને પગે લોઢું જડે છે તે a horse shoe. 3 ગલી a lane. 4 પાણી જવાની પરનાળ a water-pipe. 5 નળી a tube.

નાળચું, }
નાળચું, } n. A funnel.
નાળવું, }

નાળબંદ-ધ, n. A shoer of horses.

નાળિયર, n. See નારિયળ.

નાળું, n. A rivulet; a brook; a *nallah*.

નિ:શંક, *ad.* Unhestiatingly; undoubtedly.

નિ:શેષ, *ad.* Wholly; entirely ; utterly.

નિ:સંશય, *ad.* Without any doubt.

નિ:સંગ, *ad.* Lonely; alone.

નિકટ, *ad.* Close; near; nigh.

નિકંદન, n. Total destruction; perdition.

નિકર, n. જથ્થો A heap; a mass. 2 ભંડાર a store-room. 3 *ad.* નહીંતો or else; otherwise.

નિકળવું, v. બાહાર આવવું To come out. 2 જાહેરમાં આવવું to prove; to turn out. 3 ખાલી કરવું [to vacate.

નિકળીજવું, v. To escape, to decamp.

નિકળી પડવું, v. To come out; to be drawn forth.

નિકા, n. વિવાહ Marriage; wedding. 2 એક ફળ a kind of fruit.

સરકસ, n. A circus. 2 વરઘોડો a marriage proces-

સરકાર, n. રાજ્ય Government. 2 રાજા a king; a sovereign; a representative of government. 3 ધણી a master; a lord. 4 રાખેલી સ્ત્રી a mistress. [public.

સરકારી, a. Relating to government. 2 જાહેર

સરકારી રસ્તો, n. A public road.

સરકાવવું. v. To push or to move a little.

સરકીયા ગાંઠ, n. A noose.

સરકો, n. Vinegar.

સરક્યુલર, n. A circular.

સરખાવવું-વી જોવું, v. To compare; to contrast.

સરખી નજર, n. Impartiality.

સરખું, v. બરાબર Equal; same. 2 જેવું like; similar. 3 એક રૂપ uniform. 4 લાયક fit; sui-

સરગ, n See સ્વર્ગ. [table. 5 સપાટ level; plain.

સરગવો, n. The name of a tree; *Guilandance.*

સરઘસ, n. A marriage processioon.

સરજણહાર, n. The Creator.

સરજવું, v. To creat; to make.

સરજીત, a, Fated; destined.

સરજોરી, n. Violence; force. 2 સામું પડવું defiance.

સરંજામ, n. Materials; articles.

સરડો, n. A chamelion.

સરણાઈ, n. A kind of bugle.

સરત, n. યાદદાસ્ત Remembrance; recollection. 2 ધ્યાન attention. 3 હોડ a wager, a bet. 4 બોલી condition 5 ઘોડાની હોડ a horse-race.

સરદાર, *n.* A leader; a chieftain; a commander.
2 ઉમરાવ chiefs. 3 અમલદાર an officer.
સરદારી. *n.* Authority; command.
સરદી, *n.* See શરદી.
સરનશીન, *n.* A president; a chairman.
સરનામું, *n.* An address.
સરપંચ, *n.* An umpire.
સરપણ, *n.* Fire-wood.
સરપાવ, *n.* Present; gift.
સરભર, *a.* Equal; at par.
સરભર ખાતું. *n.* An account in which credits & debits are equal.
સરભરા, *n.* Entertainment; hospitality. [vals.
સરવડિયાં, *n.* Showers of rain coming at inter-
સરવસ, *a.* All; everything,
સરવાયું, *n.* A balance sheet.
સરવાળે, *ad.* In the end.
સરવાળો, *n.* Addition. 2 એકઠી રકમ sum; total.
સરવું, *v.* ખસવું To move. 2 સરકવું to slip; to slide. 3 વગર અડચણે ચાલ્યા કરવું to go on smoothly. 4 સિદ્ધ થવું to succeed.
સરવે, *a.* All. 2 માપણી a survey.
સરવે ખાતું, *n.* Survey department.
સરસ. *a.* સુંદર Excellent; beautiful; better; superior. 2 ચડિયાતું surpassing. 3 ગુંદના જેવો ચીકણો પદાર્થ glue.
સરસર, *ad.* Sliding hastily; slipping quickly.
સરસવ, *n.* Rape-seed. [periority; ascendency.
સરસાઈ, *n.* હરીફાઈ Rivalry; competetion; su-

સરસામાન, n. Furniture; goods.
સરસાસરસી, n. See સરસાઈ.
સરસિયું, n. Rape-seed oil.
સરસી, n. Superiority; ascendency. [good.
સરસું. *prep* સાથે With; along with. 2 સરસ *a.*
સરસુબો, n. મોટો સુબો. A *Sur-Suba*; an officer in charge of a *Mahal* or a *Pargana.*
સરસ્વતી. n. વિદ્યાની દેવી The goddess of learning; *Minarva.* 2 વિદ્યા learning. 3 બ્રહ્માની પુત્રી the daughter of *Brahma.* 4 એ નામની નદી the name of a river; *Sarswati.*
સરસ્વતી પૂજન -પૂજા. n. ચોપડા પૂજન The worship of Books of traders &c. on the Dewali.
સરહદ, n. Frontier; boundary.
સરળ, a. પાંસરૂં Straight; direct. 2 સેહેલું easy. 3 કપટ રહીત frank; candid.
સરાંઠી, n. Cotton-sticks.
સરા, n. પ્રવાહ A spring. 2 ધોધવો a water-fall. 3 શેરી a street. 4 ટાણું time; occasion.
સરાણ, n. A whetstone; a grind-stone.
સરાણિયો, n. One who works with a whet-stone; a cutler. [pen. 3 ઉશ્કેરવું to instigate.
સરાણે ચડાવવું, v. ધાર કહાડવી To whet; to shar-
સરાધ, n. See શ્રાદ્ધ.
સરાફ, n. A *Shroff*; a banker.
સરાફી, n. Banking.
સરાબ, n. Spirituous liquor.
સરાસરી, n. Average; mean.
સરાહ. n. A caravansary; an inn.

સરિગત, *n.* A helper; one that assists.
સરિતા, *n.* A river.
સરિયામ, *a* Public; main.
સરૂપ. *n.* See સ્વરૂપ.
સરૂપતા, *n.* Similarity; likeness.
સરેરાસ, *n.* See સગાસગી.
સરૈયો, *n.* A fragrance vender.
સરોજ. *n.* A lotus-flower.
સરોડું, *n.* A reed of juwar or bajree shrubs.
સરોદ, *n.* A tune; a song.
સરોદો. *n.* ભવિષ્યકહેનાર A fortune-teller. 2 સારંગી a fiddle; a violin. 3 સૂડી nutcrackers.
સરોવર, *n.* A lake.
સર્ગ, *n.* A section.
સર્જિત, *a.* Destined; fated.
સર્પ, *n.* A snake; a serpant.
સર્પણ, *n.* See સરપણ.
સર્વ, *a.* All; every-thing.
સર્વકાળ, *ad.* Always. for ever.
સર્વ ગુણ સંપન્ન. *a.* Possessed of all merits..
સર્વજ્ઞ, *a.* All knowing; omniscient.
સર્વત્ર, *ad.* Everywhere.
સર્વથા, *ad.* By all means; any how.
સર્વદા, *ad* Always.
સર્વનામ, *n.* A pronoun.
સર્વમય, *a.* Universal; omnipresent.
સર્વમાન્ય, *a.* Universally acknowledged.
સર્વવેત્તા, *a.* See સર્વજ્ઞ. [vading; ubiqultous.
સર્વવ્યાપક. *a.* Universal; omnipresent; all-per-

સર્વ શક્તિમાન, *a.* Almighty; omnipotent.
સર્વસ્વ, *a.* One's all (property).
સર્વાંગ, *n.* The whole body.
સર્વાનુમતે, *ad.* Unanimously.
સર્વાળો, *n.* See સરવાળો.
સર્વે, *a.* All. [lent; superlatively good.
સર્વોત્કૃષ્ટ-તમ, *a.* સઉથી સરસ Best of all; excel-
સર્વોપયોગી, *a.* Useful to all. [reme.
સર્વોપરી, *a.* Best; excellant; paramount; sup-
સલખણું, *a.* Prudent; wise.
સલંગ, *a.* Unbroken; entire. 2 See સળંગ.
સલાટ, *n.* A mason; a stone-cutter.
સલાડું, *n.* A shoe-maker's whet-stone.
સલામ, *n.* A bow: respects; complishment.
સલામ કરવી, *v.* To bow; to respect; to compli-
સલામત, *a.* Safe; secure. [ment.
સલામતી-મી, *n.* સલાહશાંતી Peace; security. 2 આદર સતકારનીતોપ salute. 3 હયાતી ઇચ્છવી health; a drink to the health of. 4 જમીનની પેદાશ માંથી સરકાર ભરણી quit-rent.
સલાહ, *n.* દોસ્તી Friendship; amity. 2 શાંતી
સલિલ, *n.* Water. [peace. 3 શિખામણ advice.
સલુક-કાઈ, *n.* સલાહ Understanding. 2 રીતભાત
સલુણું, *a.* Fine; excellent. [manners.
સલેટ, *n.* A slate. [the bride and bridegroom.
સલોકા, *n.* The recitals of certain stanzas by
સવત્સી, *n.* A cow with a heifer.
સવર્ણ, *a.* Similar; like.
સવગળું, *v.* To smart; to roll about.

સવળુ', *a.* Right; proper. [fourth 1¼.
સવા, *a.* ૧। One and a quarter; one and one
સવાઇ *n.* વધારે કામ Extra work. 2 એકનો સવા the rate of one and a quarter for every rupee.
સવાઇ ચિઠ્ઠી, *n.* એક આપીને સવા લેવો એવી રીતની વ્યાજુ ચીઠ્ઠી A bond of one and a quarter for one rupee.
સવાકો, *n.* A pice; a quarter anna.
સવાણ, *n.* ફેર Relief. 2 જાનવરોની મસ્તી rut.
સવાદ, *n.* See સ્વાદ.
સવાબ, *n.* Merit; virtue; righteousness.
સવાયું, *a.* ચોથે ભાગે વધારે More by one fourth 2 ચઢિયાતું surpassing; excelling.
સવાયો, *n.* A pice; a quarter anna.
સવાર, *n.* સૂર્યોદય Morning; dawn. 2 a rider; a horseman; a trooper; a cavalier.
સવારી, *n.* વાહન ઉપર બેસવું A ride. 2 મોટમાટથી અમલદારનું ફરવા નીકળવું તે a retinue; a suite. 3 હુમલો invasion; expedition. 4 કુચ a travel; a march. 5 મુકામ a camp. [time.
સવારું, *a.* વેહેલું Early; betimes. 2 વખતસર in
સવાલ, *n.* પ્રશ્ન A question; a query. 2 અરજ a request. [કરવો to request.
સવાલ કરવો, *v.* પ્રશ્ન પુછવો To question. 2 અરજ
સવાલ નાખવો, *v.* To request; to ask.
સવાલનામું, *n.* Interrogatories.
સવાલ પુછવો, *v.* To question.
સવાસો, *a.* One hundred and twenty-five; 125.
સવિતા, *n.* The sun.

સવિસ્તર, *a.* Detailed; minute.
સવેળા, *ad.* In proper time.
સવૈ, *n.* See સવાઈ.
સવૈયો, *n.* A kind of verse.
સવ્ય, *a.* Left.
સવ્ય સાચી, *n.* An ambidexter. 2 અર્જુન *Arjun.*
સસણી, *n.* A kind of hooping cough.
સસતું, *n.* Cheap.
સસરો, *n.* A father-in-law.
સસલું, *n.* A hare; a rabbit.
સહ, *prep.* With.
સહગમન, *n.* સાથે જવું Going with. 2 સતી થવું તે the burning her self by a widow on her husband's pyre.
સહજ, *ad.* સેહેલાઈથી Easily; without any labour. 2 વગર કારણે simply; without any reason. 3 કુદરતી naturally. 4 cognate.
સહજાનંદ, *n.* The founder of the *Swami Narayan* school or sect.
સહન, *n.* Forbearance; endurance.
સહન કરવું, *v.* To forbear; to endurance.
સહનતા, *n.* Endurance; forbearance.
સહનશીલ, *a.* Patient.
સહ વર્તમાન, *prep.* Together with; along with.
સહવાસ, *n.* સાથે રેહેવું તે Dwelling with. 2 પરિચય familiar intercourse. 3 માવરો study; [practice.
સહસા, *ad.* Precipitately; rashly.
સહસ્ર, *a.* A thousand; 1,000.
સહાય, *n.* Assistance; support.

સહાયકારક ક્રિયાપદ, *n.* An auxiliary verb.
સહાયતા. *n.* See સહાય.
સહિત, *prep.* With; along with.
સહિયડ, *n.* The small pox.
સહિયર, *n.* A female companion.
સહિયારૂં, *n.* Partnership.
સહી, *n.* See સિહ.
સહી, *n.* મતુ A signature 2 સહિયર a female companion. 3 *a.* નક્કી, ખરેખરૂં valid; binding. 4 મંજુર approved; consented.
સહીકરવી, *v.* To sign.
સહી કરવું, *v.* To finally consent.
સહી સલામત, *a.* Safe and sound; uninjured.
સહીસાટું, *n.* Final purchase.
સહુ, *a.* All; every one.
સહોડ, *n.* The son of a pregnant bride.
સહોદર, *a.* Uterine brother.
સહ્ય, *a.* Sufferable; bearable.
સળ, *n.* મારની નિશાની Marks caused by the strokes of a cane; whip; &c. a bruise; a line.
સળકડી, *n.* See સળી.
સણકો, *n.* Acute pain.
સળગવું, *v.* બળવું To burn. 2*n.* લડાઈ થવી to break out.
સળગાવવૂં, *v.* લગાડવું To inflame; to kindle. 2 ઉશ્કેરવું to instigate.
સળવળવું, *v.* To roll about; to stir.
સળવું, *v.* To be rotten.
સળિયો, *n.* A bar; a rod.
સળી. *n.* તાર A wire; a bar. 2 કાંટો a pricker.

સળેકમ-ખમ, *n.* Cold. [discord; disagreement.
સળો, *n.* Rotteness. 2 રોગ a disease 3 ફાટફૂટ
સાંઇ-મેંલા, *n.* A *Fakir*; a Mehomedan mendicant.
સાંકડું, *a.* Narrow; insufficient; incommodious.
સાંકળ, *n.* A chain. 2 માપવાનો વસ્તુ a measuring
સાંકળરીતી, *n.* Chain rule. [chain of 100 feet.
સાંકળવું, *v.* To chain.
સાંકળાં, *n.* Wristlets; anklets.
સાંકળિયું, *n.* Contents; an index.
સાંકળી, *n.* A chain.
સાંકો, *n.* The testing of a measure or weight.
સાંખવું, *v.* To forbear; to endure.
સાંગામાચી, *n.* A kind of chair or stool.
સાંચરવું, *v.* જવું To go; to pass. 2 સંઘરવું to collect. 3 ખરીદકરવું to buy (beforehand).
સાંચો, *n.* યંત્ર A machine. 2 બીબું a mould.
સાંજ, *n.* The evening. [વાયદા evasions.
સાંજસવાર, *n.* Morning and evening. 2 ખોટા
સાંજે, *ad.* In tht evening.
સાંઠો, *n.* A reed; a stalk.
સાંઢ, *n.* ગોધો A bull. 2 ઊંટ a camal. 3 નિરંકુશ માણસ an unbridled person.
સાંઢણી, *n.* A female camel; a dromedary.
સાંઢિયો, *n.* ઊંટ A camel.
સાંતરું, *n.* રોજનું જુદું કાઢેલું સીધું A *quantum sufficit* of articles of food daily set apart.
સાંતવું, *v.* સંતાડવું To hide; to conceal.
સાંતળવું, *v.* તળવું To fry in ghee or oil.

સાંતી, n. એક હળથી ખેડાય એટલી જમીન As much land as can be cultivated by one plough
સાંતીડ઼ં, n. હળ A plough.
સાંતીવેરો, n. હળના ઉપર લેવાતો કર A plough tax.
સાંપ, n. A lease of land. 2 ગણોત rent of land.
સાંપવું, v. ગણોતે આપવું To let; to rent.
સાંપળ, n. A thigh.
સાંપિયો, n. ગણોતે ખેડનાર A tenant; a lease.
સાપી-ડો, n. ખેડુત A farmer; a cultivator.
સાંધ, n. ચીરો A craft; a crack.
સાંધણ, n. પુરવણી An appendix. 2 આગળનું રહેલું પાછળથી જાગી રાખવું continuation.
સાંધવું. v. સીવી લેવું To sew. 2 જોડવું to unite; to join. 3 ટાગવું, સામેલ કરવું to append.
સાંધો, n. સાંધ A cleft. 2 પેરિયું an internode. 3 બે ભાગ સંધાતા હોય તે ભાગ a joint; a juncture. 4 થીગડું a patch.
સાંપડવું, v. મળવું, પ્રાપ્ત થવું To find.
સાંપવું, v. See સોંપવું.
સાંબેલું. n. A wooden pestle.
સાંભરવું, v. યાદ આવવું To remember. 2 એકઠું કરવું to collect.
સાંભળવું, v. શ્રવણ કરવું To hear: to listen; to [attend.
સંસવું ad. Slow; mild.
સાંસાં, n. Want; starvation: privation.
સાકટી–ઠી, n. A rafter.
સાકણ, n. Stubble.
સાકર. n. Sugarcandy.
સાકાર, a. Having a form; figurative.

સાક્ષર, *a.* Learned.
સાક્ષાત, *ad.* Openly; manifestly.
સાક્ષી, *n.* સાહેદ A witness; an eye witness. 2 સાખ attestation.
સાખ, *n.* સાહેદી Attestation; witness 2 પત credit; reputation character. 3 શાખા a branch. 4 સાખિયું a semi ripe fruit.
સાખિયું, *n.* A semi ripe fruit.
સાખી, *n.* A kind of short poem.
સાગ, *n.* The teak wood.
સાગર, *n.* A sea; an ocean.
સાગરીત-દ, *n.* A disciple: a pupil; neophyte.
સાગવાન, *n.* The teak-wood.
સાગુચોખા-દાણું, *n.* Sago.
સાંખ્ય, *n.* Sankhya.
સાચ. *n.* Truth; true: real. [honesty, probity..
સાચવટ, *n.* સત્યતા Truthfulness. 2 પ્રમાણીકપણું
સાચવણ-ણી, *n.* Care; preservation.
સાચવવું, *v.* To take care; to preserve.
સાચાઈ, *n*, Truthfulness.
સાચા બોલું, *a.* True speaker.
સાચું, *a.* ખરૂં True. 2 ઇમાની honest; sincere. 3 વચનદાર that sticks to his promise; faithful; sincere.
સાચે, *ad*, Truly; certainly; indeed.
સાચેસાચું, *a.* Real; true; actual.
સાજ, *n.* વસ્ત્રાભૂષણ Dress; habiliments 2 સરંજામ equipments. 3 સાહિત્ય apparatus; materials. 4 જીન, ખોગીર a saddle.

સાજ માંડવો, *v.* To saddle. [become.
સાજવું, *v.* To cleanse; to clean; to befit; to
સાજસ, *n.* Plot.
સાજીખાર, *n.* Natron; carbonate of soda.
સાજું, *a.* Unbroken: entire: healthy.
સાજું થવું, *v.* આરામ થવો To recover; to be cured; to be repaired. [tire; sound.
સાજુ તાજું-સમું, *a.* નિરોગી Healthy. 2 આખું en-
સાટ. *n.* A back-bone.
સાટકો, *n.* A whip; a lash.
સાટમારી, *n.* Fighting of elephants.
સાટવું, *v.* See સાટું કરવું.
સાટાં ખત, *n.* A deed of sale or purchase.
સાટીન, *n.* *Satin.*
સાટું *n.* વેહણુ A bargain. 2 કરાર a contract (of sale or purchase). [sixty; 60.
સાઠ, *n.* મોટું વાસણ A large water pot. 2 *a.* ૬૦
સાઠી, *n.* The age of sixty.
સાડત્રીસ-ત્રીસ, *a.* Thirty seven; 37.
સાડલો, *n.* A cloth for women.
સાડાત્રણ, *a.* Three and a half; 3½
સાડાત્રણ ડાહ્યો, *a* Wiseacre.
સાડી, *n.* A cloth for women.
સાઢુ. *n.* The husband of one's wife's sisters.
સાણસી, *n.* A kind of pincers or tongs.
સાણસો, *n.* Pincers; tongs.
સાત. *a.* Seven; 7.
સાતડે સાત *n.* A dot; a toal failure.
સાત પડી, *a.* Having seven folds.

સાતપડો-પુડો, *n.* A whitlow; a palmar abscess.
સાતમ-તેમ, *n.* The seventh day of each half of the Lunar months.
સાતા, *n.* Rest; ease.
સાત્વિક, *a.* Honest; pure; sincere; gentle; true
સાથ, *n.* Company; society; with.
સાથરો, *n.* ઘાસની પથારી A grass bed. 2 ચોકો the ground prepared for the dying person
સાથળ, *n.* See સાંથળ.
સાથિયો, *n.* બારણાં આગળ ચિત્રામણ કહાડે છે તે An auspicious mark painted in the front of the house. 2 જે સ્ત્રીને લખતાં આવડતું નથી તે સહીને બદલે ચોકડી જેવું કહાડેછે તે a mark affixed to writings in lieu of signature of females.
સાથી, *n.* સોબતી A companion. 2 જોડીઓ a colleague: a helper. 3 ગાડીવાન a cartman. 4 હળ ખેડનાર a ploughman; a farmer.
સાથીદાર, *n.* See સાથી.
સાથે, *prep.* With; in the company of.
સાથે જવું, *v.* To accompany; to go with.
સાદ, *n.* Voice; sound. 2 બૂમ a cry; a noise.
સાદકરવો-પાડવો, *v.* To call aloud; to cry out.
સાદડી, *n.* A mat; matting.
સાદડો, *n.* A kind of timber-tree.
સાદર, *n.* ભિનાસ Dampness; moisture. 2 આદરમાનથી *ad.* respectfully. 3 પુજ્ય *a.* reverential. 4 બાહાર પાડેલું published; issued. 5 આવી પોહોંચેલું arrived.
સાદાઈ, *n.* Plainliness; simplicity.

સાદું-દો, *a.* Artless; guileless; plain; simple.
સાદું સોહામણું, *a.* Plain and neat.
સાદૃશ્ય, *n.* Resemblance; likeness.
સાદ્યંત, *a.* Whole; entire; complete.
સાધક, *a.* કામ કરી લેનાર That accomplishes. 2 ભક્ત a votary; a worshipper. 3 સહાયક an abettor; an accomplice.
સાધન, *n.* Means; materials.
સાધના, *n.* Observance of religious ceremonies.
સાધનિકા, *n.* પદચ્છેદ (વ્યાકરણમાં) Parsing (in Gram).
સાધની, *n.* A plummet; a level.
સાધનીય, *a.* To be made.
સાધવી, *n.* A chaste woman.
સાધવું, *v.* કામ પારપાડવું To accomplish; to achieve. 2 તાબે કરવું to subdue; to prevail upon. 3 નિયમ પાળવો to observe. [common.
સાધારણ, *a.* General; not particular. 2 મધ્યમ
સાધારણ પક્ષ, *n.* Ordinary; mediocre.
સાધિત, *a.* Accomplished; achieved. 2 બીજા ઉપરથી નીકળેલો (શબ્દ) derivative.
સાધુ, *n.* A saint; a sage.
સાધુસંત, *n.* Saints and sages.
સાધુ સમાગમ, *n.* જ્ઞાની પુરૂષોનો મેળાપ Company of saints and sages.
સાધ્ય, *a.* Accomplishable; attainable; achievable 2 (કાયદામાં) To be proved. 3 (તર્કશાસ્ત્રમાં) to be inferred. [સ્ત્રી wife of a holy man.
સાધ્વી. *n.* પતિવ્રતા સ્ત્રી A chaste woman. 2 સાધુની
સાન, *n.* સમજણ Understanding; sense. 2 ઈશા-

રત a hint; a sign; allusion. 3 ગીરવી pawn; mortgage. 4 (કવિતામાં) નાનું tiny; little.

સાનક, n. A small dish; a plate.

સાન કરવી, v. To hint; to make a sign; to allude.

સાનંદાશ્ચર્ય, n Admiration.

સાનુકૂળ, a. Suitable; favourable.

સાનુનય, a. Meek; humble.

સાનુનાસિક, a. Nasal (letter).

સાનુસ્વાર, a Having a dot or nasal character.

સાંત્વન, n. Pacification.

સાન્નિધ્ય, n. Proximity; vicinity.

સાપ, n. A snake; a serpent.

સાપણ, n. A female serpent.

સાપની કાંચળી, n. A slough of a serpent.

સાપઆમણી, n. A lizard; a kind of serpent.

સાપોલિયું, n. The young of a snake.

સાફ, a. સ્વચ્છ Pure; clean. 2 લીસું smooth; level. 3 સ્પષ્ટ plain; fair. 4 ચોખ્ખા મનનું, નિષ્કપટી candid; open-hearted. 5 જેવું જોઈએ તેવું ચોખ્ખું clear; distinct. 6 નિર્દોષી innocent. 8 ad. ચોખ્ખી રીતે distinctly; plainly.

સાફદિલ, a. Candid; frank; guileless.

સાફસૂફ, a. Clean and neat.

સાફી, n. લુગડાનો કકડો ચલમ પીવામાં રાખેછે તે A piece of cloth for tobacco pipe. 2 પતરાજી puffery; boasting. 3 a. વળતર વગરનું free of discount.

સાફીમારવી, v. To boast; to brag.

સાબર, n. A stag; an elk.

સાબર શિંગડું-શું, n. The horn of a stag.

સાબિત, *a.* Prooved; established; substantiated.
સાબિત કરવું, *v.* To prove, to establish; to sub-
સાબુ, *n.* Soap. [stantiate.
સાબુચોખા, *n.* Sago.
સાબુત-દ, *a.* Sound and safe. [groom's procession.
સાબેલો, *n.* A well-dressed child in bride-
સામ, *n.* ચાર વેદમાંનો ત્રીજો The third Veda. 2 ભરથાર a husband. 3 શાંતતાનો ઉપાય conciliating means. 4 *a.* ત્રાહીત meutral.
સામગ્રી, *n.* Means; materials. [stock.
સામટું, *ap.* Simultaneously. 2 wholesale; in
સામંત-દ, *n.* મંડળીક A tributary chief; a petty chief. 2 યોદ્ધો a warrior. 3 *a.* પાસેનું bordering; bounding.
સામન, *n.* ઘર વખરો Furniture. 2 સાહિત્ય materials. 3 માલ goods. 4 a term for a young
સામર્થ્ય-ર્થ, *n.* Power; strength. [lady.
સામસામું, *ad.* Face to face. 2 એક બીજાની વિરૂદ્ધ
સામળું, *a.* Blackish; darkish. [hostile.
સામળિયો-જો, *n.* The god *Krishna.*
સામાન, *n.* See સામન.
સામાન સરંજામ, *n.* Household furniture.
સામાન્ય, *a.* Common; general.
સામાન્ય નામ, *n.* Common noun.
સામાન્ય સર્વનામ, *n.* An indefinite pronoun.
સામાન્યા *n.* An harlot: a concubine.
સામા પાંચમ, *n.* The fifth of Bhadrva Sud.
સામાવડિયો-યણો, *n.* An opponent; a rival. 2 શત્રુ
સામાસામી, *ad.* See સામાસામું. [an enemy.

સામીલ, *a.* Associated with; connected with; accessary. [before. 3 મોં ઉપર on the face.

સામું, *a.* ઉલટું Opposite; 2 મોંઆગળ in the front of;

સામુદ્ર, *a.* Marine.

સામુદ્રધુની, *n.* A strait.

સામુદ્રિક, *n.* Palmistry; chiromancy.

સામે, *a.* See સામું.

સામેલ, *a.* સામીલ Associated with; accessary 2 ધુંસરીના છેડાની ખીલી a peg fastened to each of the ends of a yoke.

સામૈયું, *n.* A deputation to receive a man or men in high position.

સામો, *n.* An inferior kind of corn.

સામોપચાર, *n.* Mild persuations—operations.

સાંપ્રત-કાળે, *ad.* Now a days; at present.

સાયંકાળ, *n.* Evening.

સાયરી, *n.* કાવ્યવિદ્યા Poesy.

સાયર, *n.* તાડીનો કર A tax on palm tree juice. 2 દરિયો an ocean; a sea. 3 કવિ a poet.

સાર, *n.* તાત્પર્ય Moral. 2 સત્વ essence; substance. 3 લાભ profit; advantage.

સારંગ, *n.* બપોરે ગાવાનો રાગ A particular mode of music appropriate to noon. 2 હરણ a deer. 3 હાથી an elephant. 4 સિંહ a lion. 5 હંસ flamings. 6 ચાતક the bird *Chatak*. 7 મોર a pea-cock. 8 કોકિલ the Indian cuckoo. 9 ભમરો a wasp. 10 વીંછુ a scorpion. 11 કમળ a lotus. 12 ફુલ a flower. 13 ધનુષ a bow. 14 શંખ a shell. 15 સારંગી a

fiddle. 16 મેઘ rain. 17 ચંદન sandal. 18 કેશ hair. 19 સોનું gold. 20 કપુર camphor. 21 પૃથ્વી the earth. 22 રત્ન jewel. 23 પ્રકાશ light. 24 રાત the night. 25 તરેહ તરેહના રંગનું *a.* variegated. 26 કામદેવ Cupid.

સારંગપાણિ, *n.* A name of *Vishnu.*

સારંગી, *n.* A fiddle; a violin.

સારંગીવાળો, *n.* A fiddler.

સારડી, *n.* An instument to bore a hole.

સારણગાંઠ, *n.* Hernia.

સારણગાંઠનો પટો, *n.* Hernia truss.

સારથી, *n.* A cartman; a charioteer.

સારવાન, A camel driver.

સારવું, *v.* મરતક્રિયા To offer funeral cakes to the names of the dead. 2 વિંધ પાડવો to bore. 3 દોરો પરોવવો to thread.

સારસ, *n.* The Indian crane.

સારસંગ્રહ, *n.* Compendium.

સારવાનાં, *n.* Good result.

સારાંશ, *n.* Substance; object.

સારાલંકાર, *n.* Climax.

સારાસાર, *n.* Good and bad.

સારિકા, *n.* A canary bird; the Indian Jay.

સારીપેઠે, *ad.* Thoroughly 2 તનદુરસ્ત healthy; well.

સારૂં, *a.* Good; fine; petty; handsome.

સારૂં કરવું, *v.* To do good; to cure.

સારૂં થવું. *v.* To recover. 2 to improve.

સારૂ, *prep.* For; on account of.

સાર્થક, *n.* Accomplishment; fulfilment.

સાર્દૂલ, *n.* A tiger.
સાર્વજનિક, *a.* Universal; general.
સાલ, *n.* વરસ A year. 2 વર્ષાસન a yearly stipend; annuity; salary. 3 હરકત impediment; [an obstacle.
સાલગીરી, *n.* Birthday.
સાલગુદસ્ત, *n.* The last year.
સાલમ—મિશ્રિ, *n.* Salep: *Eulophia compestris.*
સાલવાર, *ad.* In order of years.
સાલવું, *v.* To feel: to punch. [manly.
સાલસ, *a.* ભલું Honest. 2 ડાહ્યું polite; gentle.
સાલસાઈ, *n.* પ્રમાણીકપણું Honesty. 2 વિવેક po- [liteness.
સાલિયાણું. *n.* See સાલિયું.
સાલિયું, *n.* Annuity; a yearly stipend.
સાલ્લો, *n.* A female cotton dress.
સાવ, *ad.* Wholly; entirely.
સાવકાર, *n.* A banker; a creditor. 2 ચોર thief.
સાવકી બેહેન, *n.* A step sister.
સાવકી મા, *n.* A step-mother.
સાવકું, *n* A step child. [vigilent.
સાવચેત, *a*, સાવધ Sensible; conscious; cautious.
સાવચેતી. *n.* જાગૃતે Precaution; advertency; consciousness.
સાવજ, *n* વાઘ A tiger. 2 *a.* જંગલી, savage; rude.
સાવધ. *a.* જાગતું Conscious; advertent; cautious; vigilent; heedful.
સાવધગિરી, *n.* Consciousness.
સાવધાન. *a.* ધ્યાન દેનારો Attentive; advertent. ચેતીને ચાલનાર precaution.
સાવરણી. *n.* A broom a besom

સાવરિયું, *n.* See સાસરૂં.
સાવિત્રી, *n.* The wife of *Brahama.*
સાષ્ટાંગ, *n.* Prostration with the eight members of the body.
સાસ, *n.* શ્વાસ Breath. 2 હાંફ, દમ asthma.
સાસરવાસો, *n.* Presents of household utensils, ornaments &c. to the bride by her parents while sending her to her husband's. [father-in-law.
સાસરિયાં, *n.* સાસરાનાં સગાં, The relatives of one's
સાસરૂં, *n.* The house of a father-in-law.
સાસુ, *n.* A mother-in-law.[payable to holder.
સાહેજોગ, *a.* A bill of exchange on a *hundee*
સાહસ, *n.* જોખમ ભરેલું કામ Enterprise; adventure. 2 અવિચારી કામ thoughtless act.
સાહસિક. *a.* જોખમ વેઠનાર Enterprising; adventurous. 2 અવિચારી rash; thoughtless.
સાહાય, *n.* Assistance; help; aid.
સાહાવું, *v.* To hold; to catch; to grasp.
સાહિત-ત્ય *n* Materials; means.
સાહી, *n.* Ink.
સાહુ, *a.* Honest. 2 thief.
સાહુકાર, *n.* શરાફ A *Shroff*; a banker. 2 ભલો માણસ an honest man. [honesty.
સાહુકારી, *n.* શરાફી Banking; mercantile credit;
સાહુડી, *n.* A porcupine. [a trice.
સાહેતમાં *ad,* In a moment; in an instant; in
સાહેદ-દી *n.* A witness; deposition; evidence.
સાહેદી પુરવી,. To give evidence; to depose.

સાહેબ, n. ધણી A lord; a master. 2 ગૃહસ્થ a gentleman. 3 યુરોપીઅન an European gentleman, 4 મેહેરબાન sir; sire.
સાહેબજાદી, n. A gentleman's daughter; a lady
સાહેબજાદો, n. A gentleman's son.
સાહેબલોક, n. An European. [ship.
સાહેબી, n. સત્તા Rule; sway; mastership; lord-
સાહેલી, n. A female companion.
સાહ્ય-તા, n. Aid; help; assistance.
સાળ, n. Loom.
સાળવી, n. A weaver.
સાળિયું, n. Rice in husk.
સાળી, n. A sister-in-law; a wife's sister.
સાળુ, n. A kind of female dress.
સાળો, n. A brother in-law; a wife's brother.
સાક્ષાત્, ad. Personally.
સિંગ, n. A bean. 2 ફળી a pod.
સિંગડું, n. A horn; a bugle.
સિંગાડો, n. An aquatic plant.
સિંગોટી, n A horn tax. [bispinosa.
સિંગોડું, n Thefruit of an aquatic plant; *Trapa*
સિંચવું, v. To water; to sprinkle. 2 ઉપરા ભાપરી બરાબર ગોઠવવું to arrange in a heap.
સિંદરી, n. Coir.
સિંહ, n. A lion. 2 પાંચમી રાશિ the sign Leo. 3 યોદ્ધો a brave warrior. [cate waist.
સિંહકટી, a. (A woman) having a fine deli-
સિંહણ, n. A lioness. [a war cry.
સિંહનાદ, n. The roar of a lion. 2 લડાઈનો પોકાર

સિંહસ્થ, *n.* The position of *Jupiter* in the sign *Leo.*
સિંહલદ્વીપ, *n.* The island of Ceylon.
સિંહાસન, *n.* A throne.
સિકંદર, *n.* Alexander the Great. 2 *a.* ફતેહમંદ victorious; prosperous. 3 a rogue.
સિકલ, *n.* ચેહેરો Face; appearance. 2 રોનક police.
સિકલ કરવી, *v.* To polish; to furbish.
સિકલીગર, *n.* A polisher; a furbisher;
સિકારવું, *v* કબુલ રાખવું To consent; to agree; to accept. 2 હુંડીના પૈસા આપવા to honour a bill of exchange.
સિક્કાબંધ, *a* Sealed; unopened; intact.
સિક્કો, *n.* છાપ A seal. 2 ઘાટ feature. 3 નાણું a coin.
સિંઘલદ્વીપ, *n.* The Island of Ceylon.
સિચાણો, *n.* A hawk.
સિજવવું, *v.* To purboil; to poach.
સિટી, *n.* A whistle.
સિડી-ઢી, *n.* A ladder; a stair case; a flight of stairs.
સિત, *n.* Coldness. 2 *a.* ઠંડું cold.
સિતળા, *n.* Cowpox.
સિતાફળ, *n.* Custard apple; *Annona squamosa*
સિતાર, *n.* See સતાર.
સિતારો, *n.* તારો A star. 2 ગ્રહ a planet. 3 નસીબ fortune; destiny.
સિત્તેર, *n.* Seventy; 70.
સિત્યોતેર, *a.* Seventy-seven; 77.
સિદણ, *n.* Negress.
સિધારવું-વું, *v.* To go; to repair.
સિદી, *n.* A negro; an Abyssinian.
સિદ્ધ, *a.* પાર પડેલું Accomplished; effected;

proved; established. 2 તૈયાર prepared; formed. 3 *n.* જોગી an ascetic; a devotee.

સિદ્ધ કરવું, *v.* To establish; to prove.

સિદ્ધ થવું, *v.* To be accomplished; to be effected; to be proved.

સિદ્ધતા, *n.* Proof; demonstration.

સિદ્ધપદાર્થ વિજ્ઞાન, *n.* Physics.

સિદ્ધ પુરૂષ, *n.* See સિદ્ધ. [process.

સિદ્ધ સાધન, *n.* The performance of magical

સિદ્ધાઇ, *n.* Power of working miracles; supernatural power.

સિદ્ધાંત, *n.* ઠરાવ Resolution; determination. 2 પ્રમેય a proposition; a theorem. 3 અનુમાન demonstration; an established fact.

સિદ્ધિ, *n.* Supernatural power; marvellous

સિંદૂર, *n.* Red lead; minium. [faculty.

સિંધવ સિંધાલુણ, *n.* Rock-salt. [the river indus.

સિંધુ, *n.* સમુદ્ર A sea; an ocean. 2 એ નામની નદી

સિંધુક, *a.* Marine.

સિંધુડો, *n.* A war song.

સિંચવું, *v.* To sprinkle; to water. [tary man.

સિપાઇ, *n.* A peon; a sepoy; a soldier; a mili-

સિફત, *n.* ટેવ Inherent quality. 2 યુક્તિ contrivance; scheme. 3 સ્તુતિ praise.

સિફા બહાદુર, *a.* Brave; courageous.

સિફારસ, *n.* Recommendation.

સિબંદી, *n.* Subsidiary force 2 irregular force.

સિમાડો, *n.* Boundary; a limit.

સિરબંદી, *n.* See સિબંદી. [of justice.

સિરસ્તેદાર, *n.* A *sirestedar*; an officer of a court.
સિરસ્તો, *n.* Practice; Usage.
સિરામણ, *n.* Breakfast; morning meal.
સિરાવવું, *v.* To breakfast. [fagon.
સિરોઈ, *n.* A water pot with a long neck;
સિલક, *n.* Balance; cash.
સિલ સિલાબંધ, *ad.* In succession in series.
સિલાઈ, *n.* See સિવડામણ.
સિલેદાર, *n.* A horse-soldier; a trooper.
સિલોત, *n.* The chief of detectors of thieves.
સિવડામણ-ણી, *n.* The charge of sewing.
સિવણ-ણી, *n.* Sewing.
સિવવું, *v.* To sew.
સિવાઈ, *n.* See સિવડામણ.
સિવાએ-ય, *prep.* Without; excluding; except.
સિસમ, *n.* Sisso; black-wood.
સિસોટી, *n.* સિટી A whistle.
સિસોટી વગાડવી, *v.* To whistle.
સિસોળિયું, *n.* A quill of the porcupine.
સીક, *n.* An iron prong; a spit.
સીકું, *n.* A sling.
સીયાહગોશ., *n.* Lynx. [Indian Helen.
સીતા, *n.* The wife of *Ramchandra*; Sita; the
સીધુ, *a.* પાધરું Right; straight; direct. 2 ખાદ્ય
સીપ, *n.* Fittula. [પદાર્થ provisions.
સીમ, *n.* Boundary; limit; a field.
સીમંત, *n.* First pregnancy.
સીમા, *n.* Boundary; limit.
સીમાબ, *n.* Hydrargyrum.

સીમાસૂત્ર, *n.* Perimeter; periphery. [(of land.)
સીયમ, *a.* Of the third or inferior quality
સીર, *n.* The head.
સીરજોરી, *n.* Difiance.
સીરતાજ, *n.* A crest of the head.
સીરની જમીન, *n* માથા સાટે ગરાસમાં જમીન મળેલી તે Land held under a particular tenure by *Giras*.
સીરપેચ, *n.* A jem fastened to a turban.
સીરી, *n.* મીઠાસ Sweetness. 2 લેહેજત palatable [taste.
સીરો, *n.* See શિરો.
સીરોબિંદુ, *n.* A vertex; a vertical angle.
સીસી-સો, *n.* A bottle.
સીસું, *n.* Lead.
સીળી, *n.* See શિતળા.
સીળું-ળો, *n.* Shade; shadow. ['with'.
સું, *prep.* 'સાથે' અર્થવાળો A suffix denoting
સુંઘવું, *v.* વાસ લેવો To smell. 2 ખિમળ લેવી to scent. 3 શ્વાસ લેવો to snuff.
સુંઘાડવું, *v.* To make to smell.
સુંઠ, *n.* Dry ginger; Zinzibar.
સુંઠ-ઢ, *n.* See સુંઠ.
સુંડલી, *n.* A basket.
સુંથણું, *n.* Drawers; trowsers.
સુંબીંડ, *n.* A ring made of hay.
સુંદર, *a* Handsome; beautiful.
સુંદર રીતે, *ad.* Handsomly.
સુંદરિ, *n.* A beautiiul woman; a lady; wife.
સુંબલ. *n.* Hyacinth.

સુંબલી, *a.* Hyacinthine.
સુંવાળી, *n.* A kind of dry cake.
સુંવાળું, *a.* નરમ પોચું Soft. 2 લીસું smooth.
સુ, *n.* 'સારૂં' દેખાડનારો પ્રત્યય, A prefix denoting 'good.'
સુઇઆણી, *n.* A mid-wife.
સુઇઓ, *n.* A large needle.
સુઇ જવું, *v.* To lie down; to sleep.
સુઇ રહેવું, *v.* To lie in bed.
સુક, *a.* A parrot. 2 *a.* સેહેલું facile; achievable.
સુકન, *n.* Omen; prognastication.
સુકર્મ, *n.* A good act.
સુકલકડી, *a.* Lean.
સુકવણ-ણી, *n.* Withered state; dryness; dryage.
સુકવવું, *v.* To dry.
સુકાઇ જવું-વું, *v.* To be dried up. 2 શરીરે દુબળા બનવું to pine away. 3 કરમાવું to wither. 4 to be parched.
સુકાન, *n.* પતવાર A helm; a rudder. 2 કુંચી a moving or directing power.
સુકાની, *n.* A steersman; a helmsman; a pilot.
સુકાળ, *n.* A time of plenty and cheapness.
સુકીર્તિ, *n.* Celebrity: good name.
સુકું, *a.* કોરૂં Dry. 2 સુકાઇ ગયેલું parched. 3 પાતળું lean. 4 છાલકું shallow. 5 ખાલી empty.
સુકુમાર-રી-કોમળ, *a.* ઘણું નાજુક Delicate; tender.
સુકો, *n.* Tobacco.
સુકાં દમ, *n.* Empty threads.
સુકો દુકાળ, *n.* A draught.
સુકો સોદો, *n.* Unprofitable business.

સુકૃત, *n.* Good acts.
સુક્કો, *n.* ખાલી Empty. 2 પૈસા વગરનો penniless.
સુખ, *n.* ચેન Happiness;ease;comfort. 2 મોજ શોખ pleasures.
સુખચેન, *n.* Ease; tranquility; rest.
સુખડ, *n.* Sandal wood.
સુખડિયો, *n.* A confectioner. [a bonus; a fee.
સુખડી, *n.* Sweetmeats; confection. 2 દસ્તુરી
સુખતળી, *n.* A leather-slip.
સુખદાઈ-તા, *a.* That gives happiness.
સુખદાયક, *a.* Comfortable; produce happiness.
સુખ દુઃખ, *n.* Pleasure and sorrow; prosperi-
સુખ ધામ, *n.* સ્વર્ગ Haven. [ty and adversity.
સુખન, *n.* બોલ A word; a promise; a word.
સુખનિદ્રા, *n.* Sound sleep: comfortable sleep.
સુખનો સાથી, *n.* A summer friend.
સુખપ્રસવ, Ease delivery.
સુખપાલ, *n.* A palanquin. [fort.
સુખ પામવું-ભોગવવું, *v.* To enjoy ease and com-
સુખમય-રૂપ, *a.* Happy; content; comfortable.
સુખવેલ, *n.* A kind of rice.
સુખ શયન, *n.* See સુખ સજ્યા.
સુખ સજ્યા, *n.* A festal couch.
સુખ સાતા, *n.* Comfort; ease.
સુખાકારી, *n.* Healthy state; health.
સુખામૃત, *n.* The nectar of happiness.
સુખાવસ્થા, *n.* Healthy state; happy state.
સુખાસન. *n.* A couch.
સુખિયું-ખી-આળું, *a.* Comfortable; happy.

સુખી, *a.* Happy.
સુગ, *n.* Aversion; dislike.
સુગંધ, *n.* Odour; perfume; fragrance.
સુગંધી. *a.* Sweet smelling. 2 *n.* સારીખુશબો આવે એવી ચીજ perfumery.
સુગંધીદાર, *a.* Perfumed; fragrant.
સુગમ, *a.* Easy. 2 વગ પડતું convenient.
સુઘડ, *a.* Clever: expert; dexterous.
સુગરી, *n* A kind of bird resembling; lark.
સુગાવું, *v.* To dislike:to loath: to hate. [king.
સુગ્રીવ, *n.* The name of the famous monkey-
સુઘડ, *a.* ચતુર Having good manners. 2 સ્વચ્છ
સુઘડતા, *n.* Cleanliness; neatness. [neat; clean.
સુચવવું, *v.* To hint; to suggest.
સુચિત, *a.* Attentive; advertent.
સુચિન્હ, *n.* A good omen; an auspicious sign.
સુજન, *n.* A good man.
સુજનતા, *n.* Affability; complaisance.
સુજની, *n.* A quilt.
સુજવું-ઝવું, *v.* ઉપસી આવવું To swell. 2 દેખાવું to appear.to seem.3 સમજવું to comprehend; 4 મનમાં આવવું, to suggest itself; to occur unto the thought or memory.
સુજસ, *n.* Honourable reputation.
સુજાણ, *a.* Intelligent; well informed.
સુજાત, *a.* Noble; of noble birth.
સુજ્ઞ, *a.*See સુજાણ.
સુઝ પડવી, *v.* To comprehend; to make out.
સુડતાળીસ, *a.* Forty- seven; 47.

સુકનાળો-કાળ, n. Great famine *Samvat* 1847.
સુડી, n. A nutcrackers. [crackers.
સુડો, n. પોપટ A parrot. 2 મોટી સુડી big nut-
સુણવું, a. સાંભળવું To hear.2 ઉપસીઆવવું, to swell.
સુણાવણી, n. Hearing.
સુત, n. A son. 2 સારથી, a coachman.
સુતક, n. Impurity arising through death of a relative. [easy; facile.
સુતર, n. Cotton thread; cotton yarn. 2 સેહેલું
સુતરફેણી, n. A kind of sweetmeat.
સુતરસાળ, n. A kind of rice.
સુતરાઉ, a. Made of cotton.
સુતળી, n. Pack-thread; twine.
સુતા, n, A daughter.
સુતાર-થાર, n. A carpenter.
સુતાર કામ, n. Carpentary joinery.
સુદર્શન, n. ખુબસુરતી Beauty. 2 વિષ્ણુનું ચક્ર the discus of *Vishnu*. [by *Krishna*.
સુદામા, n. The name of a Brahmin enriched
સુદામાપુરી, n. A town where *Sudama* was residing; now Porbundar. 2 a term for a wretched town. [*faustus dies*.
સુદીન, n. A happy day; an auspicious day; a
સુધબુધ, n. Presence of mind; self possession.
સુધબુધઉડીજવી, v. To lose one'spresence of mind.
સુધબુધ ઠેકાણે આવવી, v. To come to one's senses.
સુધરવું, v. To improve; to grow better; to be civilized; to be enlightened; to be reformed. [proved state.

સુધરાઈ, n. Advancement; improvement; im-
સુધા, n. અમૃત Nectar. 2 મધ honey.
સુધાકર, n. The moon.
સુધરવું, v. દુરસ્ત કરવું To amend; to repair. 2 ચોખ્ખું કરવું to clean; to purify. 3 જ્ઞાન આપવું to civilize; to reform. 4 ભુલ રહિત કરવું to correct; to set to rights. 5 સારી સ્થિતિમાં [લાવવું to improve.
સુધારસ n. Nectar.
સુધારા ખાતું, n. Municipality.
સુધારા વાળો, n. A reformer.
સુધારો, n. Civilization; reformation.
સુધી, prep. Till; until; during; while.
સુધીર, a. Firm; resolute; steady.
સુદાં, prep. With; together with.
સુધ્ધ, n. Consciousness. [કંપણું,stillness; calm.
સુનકાર n. Emptiness; inanity; vacuum. 2 સુપ-
સુનત-તા, n. Circumcision. [dead.
સુનમુન, a. Insensible; unconscious; almost-
સુનામખી, n. Senna.
સુન્ની,n One of the two sects of Mehomedans.
સુનીતિ, n. Good morals.
સુનું a. ઉજડ Barren; dreary; desolate. 2 એકાંત solitary. 3 ભટકતુ roaming; wandering.
સુનું, n. See સોનું.
સુનેરી, a. See સોનેરી.
સુંદર, a. Beautiful; handsome; pretty.
સુંદરી, n. A beauty; a beautiful woman.
સુપડી, n. નાનું સુપડું A small winnowing fan. 2 ગાડીના પૈડ ઉપરનું લાકડું કે લોઢાનું પડું a splash-

board of a shigram or other conveyance.
સુપડું, *n.* A winnowing fan. [3 ઉલેચણી a water-let.
સુપતી, *n.* The hammer of stone-splitters.
સુપરીત, *n.* Regular; direct.
સુપાત્ર, *n.* લાયક Worthy. 2 ખાનદાન noble; high.
સુપરત કરવું, *v.* To give in one's charge: to
સુપ્ત, *a.* Asleep. [commit to one's care.
સુબુદ્ધિ, *n.* Good sense; intelligence.
સુબેદાર, *n.* A native officer in the army; the
police next above a Jamadar; a *subedar*.
સુબો, *n.* A district. 2 પરગણાનો હાકેમ a *Subo*; a
governor of a district. 3 ગવરનર a Viceroy.
સુબોધ, *n.* Good advice or instruction.
સુભક્ત, *a.* Devout; pious.
સુભક્તિ, *n.* Devotion; piety.
સુભાગ, *a.* See સુભાગ્ય.
સુભટ, *n.* A warrior; a hero.
સુભાગ્ય, *a.* Fortunate; lucky.
સભાષિત, *a.* Well-spoken; eloquent; elegant.
સુભેચ્છુ, *a.* Well-wisher.
સુભેચ્છિત, *a.* Well-wishing.
સુમતિ, *n.* Good understanding; wisdom.
સુમંત, *n.* One of the eight of *Pradhans* or coun-
સુમસામ, *n.* Stillness; silence; quiet. [sellors.
સુમાર, *n.* અડસટ્ટો Estimate. 2 અટકળ approxi-
mation. 3 નિશો intoxication. 4 માપ mea-
સુમારમાફક, *a.* Middling; moderate; so so. [sure.
સુમારે, *ad.* About; nearly.
સુમાર્ગ, *n.* A right path; a proper course.

સુમુહૂર્ત, *n.* An auspicious period.
સુંબ, *a.* Miserly; niggardly.
સુર, *n.* A good; a deity; a divinity.
સુરઈ, *n.* See શિરોઈ.
સુરખી, *n.* Bloom; redness.
સુરંગ, *n.* An excavation to be filled with gun-powder and fired; a mine. 2 ભોંયરૂં a subterranean passage.
સુરંગી, *a.* Beautiful; variagated.
સુરજ, *n.* The sun.
સુરજ ગ્રહણ, *n.* An eclipse of the sun.
સુરજ ફુલ-મુખી, *n.* The sun flower.
સુરજવંશ, *n.* The solar dynasty.
સુરણ, *n.* An esculent root: yam.
સુરત, *n.* ચહેરો The countenance; face; features. 3 યાદદાસ્ત remembrance; recollection. 3 સંભોગ ક્રિયા copulation; coition. 4 સારી મોસમ a good harvest. 5 એક શેહેર the [Surat.
સુરતા, *n.* Recollection; remembrance.
સુરતી, *n.* મોહ Love; passion. 2 *a.* સુરતનું of or belonging to *Surat.*
સુરદાસ, *n.* A blind man.
સુરભી, *n.* The cow of plenty granting every wish. 2 ગાય a cow.
સુરમો, *n.* Sulphuret of antimony.
સુરલોક, *n.* The residence of the gods; the heaven.
સુરવાલ-ળ, *n.* Long trowsers; pantaloons.
સુરસરી, *n.* The river Ganges.
સુરા, *n.* Spirituous liquor.
સુરાખ, *n.* A hole; a bore. [of *Indra.*

સુરાંગના, *n.* A woman of the gods; a courtesan
સુરાપાન, *n.* The drinking of spirituous liquor.
સુરીનર, *n.* The god and the mortal.
સુરૂપ, *a.* Beautiful; handsome.
સુરેખ, *a.* Beautiful; handsome.
સુરોખાર, *n.* Nitre; salt-petre.
સુલટાવવું, *v.* To set right.
સુલટું, *a.* Right; regular; obverse.
સુલતાન, *n.* A sovereign; a *Sultan.*
સુલક્ષણુ, *n.* Virtues; grace.
સુલભ, *n.* Easy of attainment.
સુલુક-ખ, *n.* Amicable understanding; peace.
સુલેહ, *n.* Peace; amity.
સુલેહનો અમલદાર, *n.* The justice of the peace..
સુલેહનો ભંગ, *n.* Disturbance of peace.
સુવર, *n.* A hog; a pig.
સુવર્ણ, *n.* Gold. 2 *a.* સારા રંગનું of a good colour.
સુવાણ, *n.* Relief; cure. 2 ગમત pleasure.
સુવા, *n.* Fennel.
સુવાક્ય, *n.* Good speech.
સુવાર્તા, *n.* Good news; grateful tidings.
સુવાંગ, *n.* પોશાક Dress. 2 વેશ disguise; a mask.
3 *a.* પોતીકું sole; absolute.
સુવાવડ, *n.* Child-bed; confinement.
સુવાવડી, *n.* A woman in confinement.
સુવાસ, *n.* A sweet odour.
સુવાસના, *n.* Fame; renown.
સુવાસિત, *a.* Fragrant.
સુવાળી, *n.* A kind of cake.

સુવાણુ, *n.* Impurity arising to a household through the birth of a child. 2 Smooth.
સુવું, *v.* To sleep: to lie down.
સુશીલ, *a.* Well disposed.
સુશોભિત, *a.* Elegent; very handsome.
સુષુપ્તિ, *n.* Profound sleep.
સુષુમ્ના, *n.* A tubular vessel of the body.
સુસવાટ, *n.* A blast. [મંદ dull.
સુસ્ત. *a.* આળસુ Indolent; lazy. 2 ધીમું slow. 3
સુસ્તી, *n.* આળસ Indolence; laziness, 2 ધીમાપણું slowness. 3 મંદપણું, dullness.
સુસ્વર, *n.* A pleasant note or sound.
સુહામ, *a*, Delicious; sweet.
સુહાવું, *v.* To look well.
સુ-હૃદ, *a* Friendly; well disposed.
સુળ, *n.* Sharp pain. 2 કાંટો a thorn; a pike.
સુળદંત, *n.* A pointed tooth; a fang; a tusk;
સૂકર, *n.* A hog. [the *deno caninus.*
સૂકું, *a.* Dry. 2 પાતળું lean.
સૂકો *n.* Tobacco.
સૂક્ત, *a.* Well spoken. [થોડું atomic; small.
સૂક્ષ્મ, *a.* Fine; minute. 2 તિક્ષણ nice; sharp. 2
સૂક્ષ્મદર્શકયંત્ર,*n.* A microscope.[ing; eagle-eyed.
સૂક્ષ્મદર્શી *a.* Acute; sharp-sighted; penetrat-
સૂક્ષ્મદૃષ્ટિ, *n.* An eagle eye; a sharp sight.
સૂગ, *n.* Dislike; disgust.
સૂચક, *a.* Leading; suggestive.
સૂચક સવાલ, *n.* Leading question.
સૂચના, *n.* An intimation; a hint. 2 caution.

સૂચવવું, *v.* To hint; to suggest.
સૂચી, *a.* That indicates; that makes known.
સૂચીપત્ર, *n.* An index. 2 પ્રસ્તાવના a preface.
સૂઝ, *n.* Apprehension; understanding.
સૂડવ્યાજ *n.* Simple interest.
સૂડી, *n.* Nutcrackers.
સૂડો, *n.* A species of parrot
સૂત, *n.* A child of a *Kshatriya* man and a *Brahmin* female. 2 સારથી a charioteer.
સૂતક, *n.* Ceremonial defilement. [a child.
સૂતિકા, *n.* A woman who has recently delivered
સૂત્ર, *n.* તાંતરો A thread; a string. 2 નિયમ a rule; a canon. 3 પદ્ધતિ a system of instructions and directions. 4 મત an opinion; a precept.
સૂત્રધાર, *n.* The principal actor in a drama.
સૂદ-દી, *n.* A bright fortnight. [derstanding.
સૂધ, *n.* ખબર Notice; care. 2 ભાન sense; un-
સૂધી, *ad.* As far as; till; untill.
સૂધું, *a.* Straight; direct. 2 honest; simple.
સૂનું, *n.* Gold. 2 *a.* solitary.
સૂમ, *n.* See સુભ. [tune. 4 શૌર્ય bravery; heroism.
સૂર, *n.* સ્વર A note. 2 અવાજ sound. 4 રાગ a
સૂર્ય, *n.* The sun.
સૂર્યકમળ, *n.* See સુરજ ફુલ.
સૂર્યકાંત, *n.* A gem or crystal.
સૂર્યગ્રહણ, *n.* Solar eclipse.
સૂર્યનક્ષત્ર, *n.* The sun asterism.
સૂર્ય નારાયણ, The sun (personified as a Deity.)

સૂર્યબિંબ, n. The sun beam.
સૂર્યમંડળ-માળા, n. The solar system.
સૂર્યવંશ, n. The solar dynasty.
સૂર્યાસ્ત, n. The sunset.
સૂર્યોદય. n, The sunrise.
સૂર્યોપાસના, n. Worship of the sun.
સૂવર, n. See સુવર.
સૂળ, n. Sharp pain. 2 કાંટો a pike; a thorn.
સૂળી, n. A stake on which criminals are impaled.
સૃજનહાર. n. The creator.
સૃજવું, v. To create.
સૃષ્ટ, a. Created.
સૃષ્ટિ, n. વિશ્વ Creation; the universe.
સૃષ્ટિક્રમ-માર્ગ. The course of nature.
સૃષ્ટિરચના, n. The arrangement of nature.
સૃષ્ટિસૌંદર્ય, a. The beauty of nature.
સેં, con. શે Why. 2 a. સો a hundred.
સેંકડે, ad. Per cent.
સેંકડો, n. Century. 2 a. ઘણા by hundreds.
સેંતો-થો, n. A line that gracefully parts the hair.
સેક, n. Fomentation.
સેકટો, n. A kind of tree.
સેકવું, v. To foment. 2 to toast; to fry.
સેચન, n. Sprinkling.
સેજ, n. સજ્યા Bedding; a bed. 2 ad. સેહેલાઈથી easily; without any difficulty. 3 અમસ્તું with no particular object in view. 4 a. જરાક a little; insignificant.
સેજવારમાં, ad. In a minute; in an instant.

સેજસાજ, *a.* At random.
સેજાર, *n.* વરાળ Steam. 2 અંશ a part; a portion. 3 પગલું Trace; vestige. 4 પરસેવો perspiration: exudation.
સેજિયું *n.* A *Dhotar* without border.
સેઠ, *n.* A master; an owner
સેઠસાહુકાર, *n.* Merchants and bankers.
સેઠિયો, *n.* સાહુકાર A banker; a shroff. 2 તાલેવર rich.
સેડો-ઢો, *n.* સિમાડો Boundry. 2 પગથી footpath.
સેણ, *n.* મિત્ર A friend 2 *a.* સદ્ગુણી virtuous.
સેણિયું, *n* Linen cloth.
સેતરંજ, *n.* Chess.
સેતાન, *n.* The devil; *Satan.*
સેતુ, *n.* A bridge; a causeway.
સેતુબંધ, The *Adams Bridge.*
સેતુર, *n.* See શેતુર.
સેન, *n.* લશ્કર An army; a force. 2 આંખનો ચાળો a glance.
સેના, *n.* સૈન્ય An army; a force.
સેનાપતિ, *n.* A general; the commander of an army.
સેપ-બ, *n.* An apple.
સેર, *n.* A pound; a seer. 2 દોર a string. 3 ધાર a line of descending fluid.
સેરડી, *n.* Sugarcane. 2 શેરી a lane.
સેરડો, *n.* પગથી A bye-path; a foot-path 2 ચચરાટ sensation caused by eating too hot or too cold.
સેરવવું, *v.* To cause to slide.
સેરવો, *n.* Soup.
સેરી, *n.* A lane. 2 કૂચિયું a street.
સેરીલોબાન, *n.* Benzoin.

સેર, n. મોજમઝા, Merriment. 2 a. સેહેલું easy.
સેલડી, n. Sugarcane.
સેલારસ n. Benjamin; olibanem. [a. સુતરૂ, easy.
સેલું, n. A kind of sash with gold borders. 2
સેલોત, n. See શેલોત.
સેવ, n. સેવા Service. 2 ચણાની,-અથવા ઘઉંની-
threadlike eatable made of gram flour
or of wheat flour. [a. તાબેદાર obedient.
સેવક, n. ચાકર A servant. 2 ભક્ત a follower. 3
સેવટ, n. See છેવટ.
સેવતી, n. A kind of flower.
સેવન, n. સેવા Serving. 2 ઈંડું સેવવું incubation;
hatching.3 કામમાં લેવું તે taking into use.
સેવના, n. The act of serving one faithfully.
સેવવું, v. ચાકરી કરવી To serve. 2 કામમાં લેવું to
take into use. 3 ઈંડું- to hatch; to incu-
સેવા, n. ચાકરી Service. 2 પૂજન worship. [bate.
સેવાળ, n, લીલ Moss; weeds growing under
water. 2 નસ veins of vegetable.
સેસફુલ, n. A female ornament for the head.
સેહ, n. અંજાઈ જવું તે Awe; deference. 2 સેતરમાં
અટકાવ a check. 3 સહનશક્તિ power of en-
સેહેજ, n. See સેજ. [durance. 4 ટેવ habit.
સેહેલું, a. ખમાય તેવું Bearable; lukewarm.
સેહેનશાહ, n. An emperor.
સેહેર, n. See શેહેર.
સેહેલ, n. મોજ મઝા Merriment. 2 a. સુતરૂં easy
સેહેલાણી, a. That is fond of amusements.
સેહેલું, a. Easy; light; not difficult.

સેહેવું, *v.* To endure; to suffer.
સૈ, *n.* સિંહ A lion. 2 a measure of 1/16th *Kalsi.*
3 દરજી a tailor. 4 બેહેનપણી a female compani
સૈકો, *n.* A century: a period of 100 years. [on.
સૈન્ય, *n.* An army; a force. [general.
સૈન્યાધિપતિ, *n.* The commander of an army; a
સૈંધવ, *n.* Rock- salt.
સૈયડ, *n.* Small-pox.
સૈયર, *n.* A female companion.
સૈયારૂં, *n.* પંતિયાણું Partnership; fellowship. 2
a. મઝિયારૂં joint: common.
સોંગ, *n.* વેશ A guise; a sham. [ness.
સોંઘવારી, *n.* છત The season of plenty; cheap-
સોંઘું, *a.* સસ્તું Cheap: abundant.
સોંપવું, *v.* To consign to one's care.
સોંસરૂં, *a.* From side to side; through out.
સો, *a.* One hundred; 100.
સોઈ, *n.* ગોઠવણ Accomodation: arrangement.
સોઈયાણી, *n.* A midwife.
સોઇયો, *n.* A large needle.
સોએક, *a.* Nearly a hundred.
સોક, *n.* A co-wife. [a play.
સોકટું, *n.* A piece of wood or ivory used in
સોકનું સાલ, *n.* The pest or hindrance of a
સોગન-ગંદ, *n.* An oath. [co-wife.
સોગન આપવા, *v.* To administer an oath.
સોગનખાવા, *v.* To swear: to take an oath.
સોચ-ના, *n.* Inward feeling
સોજી, *n.* Fine flour of wet-wheat.

સોજું, *a*. Clean; free from dirt.
સોજો, *n*. Swelling.
સોટાજેવો, *a*. Thin and tall.
સોટાબાજી, *n*. Cudgel-playing.
સોટી, *n*. A cane; a switch.
સોટી મારવી, *v*. To cane.
સોટો, *n*. A cudgel; a club.
સોડ, *n*. પાસું Side. 2 a cotton under-covering.
સોડમ, *n*. Smell; scent.
સોડમાં ભરાવું, *a*. To take one's side.
સોડવું, *v*. To smell; to scent.
સોડે, *ad*. Near; nigh; by.
સોણ. *n*. A wooden tack.
સોત-તું. *ad*. Along with; including.
સોદાઈ, *n*. Roguery; cunningness.
સોદાગર, *n*. A merchant; a trader.
સોદાગીરી, *n*. સામાન Merchandise. 2 ધંધો traffic. 3 લુચ્ચાઈ roguery. 4 *a*. ધંધાને લગતું mercantile.
સોદું, *a* Rogue; knave; cunning.
સોદો, *n*. સામાન Merchandise; goods; articles. 2 સાટું a bargain. 3 *a*. લુચ્ચો rogue; cunning.
સોધ, *n*. ખોળ Discovery; search 2 નવી શોધ invention.
સોધવું, *v*. તપાસવું To discover; to search. 2 નવું પેદા કરવું to invent.
સોનાગેરૂ. *n*. A kind of red ochre.
સોનામકી-ખી, *n*. Senna.
સોનાર, *n*. See સોની.
સોનારેણ, *n*. The wife of a goldsmith.
સોની, *n*. A goldsmith.

સોનું, n. Gold.
સોનેરી, n. Golden.
સોનેરીકેળું, n. Banana.
સોનૈયો, n. A gold coin.
સોપારી, n. Betelnut.
સોબત, n. Company; association.
સોબત કરવી, v. સાથ કરવો To accompany; to associate. 2 સંભોગ થવો to have a sexual intercourse.
સોબતી, n. A companion; an associate.
સોભાગ, n. Wifehood. [woman.
સોભાગ્યવતી-વંતી, n. A married and unwidowed
સોમ, n. ચંદ્ર The moon. 2 ચંદ્ર વાર monday. 2 એ નામનોવેલો moon plant. 4 શાંત passive.
સોમયજ્ઞ, n. An offering at which the moon-plant juice is drunk.
સોમલ-ખાર, n. A white arsenic.
સોમવલ્લી, n. Moon-plant.
સોમવંશ, n. The lunar dynasty.
સોમવાર, n. Monday.
સોય-યો, n. A needle.
સોયાણી, n. A midwife.
સોરંજી, n. A kind of vegetable from which a certain kind of dye is made.
સોરટી, n. Lottery; raffles.
સોરઠ, n. સૌરાષ્ટ્ર A district in Kathiawad; the curruption of Saurashtra. 2 એ નામનોરાગ
સોરઠો, n. A mode of music. [a musical mode.
સોરભ—રમ, n. Fragance; scent; good smell.

સોરવું, *v.* To scrape; to flay.
સોવસા, *ad.* Most likely; most probably.
સોવાસણ, *n.* See સોભાગવંતી.
સોવું, *v.* To look well.
સોસ, *n.* Parchedness (from thirst.)
સોસવાટ-ળ, *n.* An alligator; a corcodile.
સોસવાવું. *v.* To be dried up;to become adust; to become lean (body).
સોસવું, *v.* ચુસી લેવું To suck. 2 ખમવું to endure; to suffer.
સોહણું, *n.* A dream: a vision.
સોહમ, *n.* A doctrine I and He–the deity are one.
સોહામણું, *a.* Handsome; beautiful; magnificent.
સોહોર, *n.* Noise; uproar.
સોળ, *a.* Sixteen; 16.
સોળકળા, *n.* Perfectness.
સોળશૃંગાર-સણગાર, *n.* The sixteen decorations worthy of a good woman.
સોળસંસ્કાર, *n.* The sixteen purificatory rites.
સોળે સણગાર, *n.* Full dress.
સૌ, *a.* All: every one.
સૌખ્ય, *n.* Felicity; happiness.
સૌંદર્ય, *n.* Beauty; lovliness.
સૌભાગ્ય *n.* સોભાગ The happy state of wifehood. 2 કિસ્મત good fortune.
સૌભાગ્યવતિ-વંતી, *n.* See સોભાગવતી.
સૌમ્ય, *a.* Mild; gentle.
સ્કંધ, *n.* ખભો The shoulder. 2 અધ્યાય a chapter; a section.
સ્તન, *n.* A teat; a pap; a breast; a nipple.
સ્તનપાત, *n.* Falling of the female breast.

સ્તનપાન, *n.* The sucking.

સ્તનમર્દન, *n.* The pressing and squeezing the breast.

સ્તબ્ધ, *a.* Insensible: fixed in thoughts. 2 બંધ પડેલું stopped; brought to a stand.

સ્તંભ, *n.* A pillar, a post; a colum.

સ્તંભન, *n.* Arresting; stopping.

સ્તવન, *n.* Extolling; lauding; praise.

સ્તવવું, *a.* To glorify; to laud: to praise.

સ્તુતિ, *n.* Commendation: praise.

સ્તુતિપાત્ર, *a.* Commendable; praiseworthy,

સ્તુત્ય, *a.* To be praised.

સ્તોત્ર, *n.* A hymn.

સ્ત્રી, *n.* A woman; a female. 2 a wife.

સ્ત્રીચરિત્ર, *n.* The feats and exploits of woman; the marvellous and subtle doings of the fair sex.

સ્ત્રીચિન્હ, *n.* The vulva.

સ્ત્રીજાત-તી, *n.* Female kind; a female; a coward

સ્ત્રીજિત, *n.* Henpecked.

સ્ત્રીધન *n.* Woman's peculium.

સ્ત્રીધર્મ, *n.* The duties of a wife. 2 menstruations.

સ્ત્રીનેવશ, *n.* Henpecked; uxorious.

સ્ત્રીપુરૂષ, *n.* Husband and wife; a married couple.

સ્ત્રીપુરૂષનોધર્મ, *n.* The reciprocal duties of husband and wife.

સ્ત્રીલંપટ, *a.* Devotedly attached to woman.

સ્ત્રીલિંગ, *n.* Faminine gender.

સ્ત્રીસંગ, *n.* Sexual intercourse.

સ્ત્રીહત્યા, *n.* Killing of a woman.

સ્ત્રીહઠ, *n.* Unshaken obstinacy of a woman.

સ્ત્રીહરણ, *n.* Abduction of a woman.

સ્થ, *a.* That stays; that stands.

સ્થંભ, *n.* See સ્તંભ.

સ્થળ, *n.* A place; a spot.

સ્થળમાર્ગ, *n.* Way by land.

સ્થળાંતર, *n.* Change of place.

સ્થાન, *n.* જગા A place; a spot. 2 દરજ્જો station; position. 3 અવસર occasion; juncture.

સ્થાનક, *n.* Abode; residence.

સ્થાનિક, *a.* Local; relating to a place.

સ્થાનિક રાજ્ય, *n.* Local; relating to a place.

સ્થાનિક સ્વરાજ્ય, *n.* Local self-government.

સ્થાપક, *a.* થાપનાર That lays; that fixes; that substantiates; that verifies; that institutes; that founds.

સ્થાપન-ના, *n.* થાપના Setting; placing; instituting; founding. 2 સાબીતી substantiating; verifying.

સ્થાપવું, *v.* મુકરર કરવું To fix. 2 નવું માંડવું to establish; to erect. 3 સાબીત કરવું to substan-[tiate.

સ્થાપિત, *a.* Established.

સ્થાયી, *a.* ટકે એવું Durable; lasting. 2 હમેશનું permanent. 3 અચળ steady; settled; fixed.

સ્થાવર, *a.* Immovable; fixed.

સ્થાવર જંગમ, *a.* Immovable and movable.

સ્થિતિ, *n.* રહેઠાણ Residence. 2 એક ઠેકાણે પડી રહેવું તે stay; continuance. 3 હાલત state; condition. 4 પદવી position; dignity.

સ્થિતિસ્થાપક, *a.* Elastic. [settled; fixed; firm.

સ્થિર, *a.* કાયમ Parmanent; lasting. 2 ઠરેલ steady;
સ્થિરતા, *n.* Settledness; steadiness.
સ્થુળ, *a.* મોટું Large; great. 2 ઠોઠ stupid; dull
3 ઘટ dense; gross.
સ્થુળદેહ, *n.* The gross and material body.
સ્નાન, *n.* Ablution: bathing; ceremonial ablution in connection with a deceased.
સ્નાન કરવું, *v.* To bathe; to wash.
સ્નાનવિધિ, *n.* Ablution-law. [worship.
સ્નાન સંધ્યા, *n.* A term of daily ceremonial
સ્નાયુ, *n.* તંતુ A tendon; a sinew; fibres.
સ્નેહ, *n.* પ્રીતિ Affection; attachment.
